

# વિશ્વવિહાર

વર્ષ : 24 * અંક : 8 * મે 2022 * કિં. ₹ 15




**વિશ્વકોશની પ્રવૃત્તિના એક નવા સીમાચિહ્નરૂપ**
**બૃહદ નાટ્યકોશની વિશાળ યોજના અંતર્ગત**
**શ્રી ભરત દવેલિખિત 'ભારતીય રંગભૂમિ'ના બે ગ્રંથોનું પ્રકાશન**





કનુ પટેલસંપાદિત 'રંગરેખાના કલાધર – કનુ દેસાઈ' ગ્રંથનું વિમોચન અને શ્રી કનુ દેસાઈનાં ચિત્રોનું પ્રદર્શન




કવિ શ્રી ન્હાનાલાલના જન્મદિન નિમિત્તે 'ચંદ્રીએ અમૃત મોકલ્યાં' કાર્યક્રમમાં અમર ભટ્ટ દ્વારા કવિ શ્રી ન્હાનાલાલનાં ગીતોની પ્રસ્તુતિ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
◆
email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૫૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# માનવતાને વીંધતી એ આંગળીઓ !

સાડા ચાર કરોડથી વધુ વસ્તી ધરાવનાર યુરોપનો ક્ષેત્રફળની દૃષ્ટિએ બીજા ક્રમે આવતો સૌથી મોટો દેશ યુક્રેન હકીકતમાં સમગ્ર યુરોપીય ખંડના દેશોમાં સૌથી ગરીબ દેશ છે. અનાજની મોટા પાયે નિકાસ કરનાર વિશ્વના આ એક અગ્રણી દેશના અનેક દેશવાસીઓ આજે ભૂખથી તરફડીને અન્ન-જળ વિના કરુણ ને હૃદયવિદારક મૃત્યુ પામી રહ્યા છે. ૬૦૩,૬૨૮ વર્ગ કિમી.નો વિસ્તાર ધરાવતા યુક્રેનની પૂર્વ દિશાએ રશિયા, ઉત્તર દિશામાં બેલારુસ, પોલૅન્ડ, સ્લોવાકિયા, પશ્ચિમ દિશામાં હંગેરી, દક્ષિણ-પશ્ચિમ દિશામાં રૂમાનિયા અને માલ્દોવા તેમજ દક્ષિણ દિશામાં કાળો સમુદ્ર અને આઝોવ સાગર સાથે મળે છે.

આમ, ચોતરફથી જુદા જુદા દેશોની સરહદથી ઘેરાયેલા યુક્રેન પર રશિયાએ કરેલા પ્રચંડ આક્રમણે જગતને ત્રીજા વિશ્વયુદ્ધના દ્વારે લાવીને ખડું કરી દીધું છે. મહાવિનાશક પરમાણુશસ્ત્રો સહિત મજબૂત લશ્કરી તાકાત ધરાવતો વિશાળ દેશ એક ગરીબ અને નિઃસહાય દેશને કેવી ક્રૂરતાથી કચડી શકે છે, એનું ઉદાહરણ આ યુદ્ધે પૂરું પાડ્યું છે. યુદ્ધનો નશો એવો છે કે એના ઘેનમાં ડોલતા માનવીને સત્ય નજરે પડતું નથી અને એ માનવતા પર વધુ ને વધુ અત્યાચાર આચરતો જાય છે.

રશિયાના આક્રમણે યુક્રેનની પાણી, ભોજન અને સ્વચ્છતા જેવી મૂળભૂત સુવિધાઓને એવી તો ખોરવી નાખી છે કે લાખો લોકોને ચોખ્ખું પાણી મળતું નથી અને પૂરતું પાણી મેળવવાની કોઈ કલ્પના કરી શકતા નથી. યુક્રેનમાં વસતા પરિવારો ભોંયરામાં, સબ-વેમાં અને બેઝમેન્ટમાં પોતાની સલામતીના માંડ માંડ શ્વાસ લે છે. એની રાજધાની કિવ શહેરની આજુબાજુના માર્ગો પર મૃતદેહોને દફનાવવા માટે ૪૫ ફૂટની વિશાળ કબરો ખોદવામાં આવી છે. અમેરિકાના મેક્સાર ટૅક્નૉલૉજીએ પ્રસિદ્ધ કરેલી એક સેટેલાઇટ તસવીરમાં સેન્ટ એન્ડ્રુ અને પાયરવોન્જનોહો ઑલ સેન્ટ્સના ચર્ચમાં ૪૫ ફૂટ લાંબી કબર જોવા મળી. એક અહેવાલ મુજબ આ કબર પરની માટી લાલ રંગની હતી. જ્યારે કિવમાં ૪૧૦ જેટલા લોકોના મૃતદેહો મળી આવ્યા છે, જેમાં કેટલાક મૃતદેહોના હાથ બાંધેલા છે અને એમના કપાળમાં કે પગમાં ગોળી વાગી છે. આ ભીષણ માનવસંહારની પરાકાષ્ઠા તો યુક્રેનના બુચા શહેરમાંથી રશિયાના લશ્કરની વિદાય બાદ ચારસોથી વધુ નાગરિકોના વિકૃત મૃતદેહોમાં નજરે પડી. રશિયાના સૈનિકોએ બેરહમીથી કરેલા અત્યાચારથી માંડીને નિર્દોષ મહિલાઓ પર કરેલા અમાનુષી બળાત્કારની ઘટનાઓ પ્રકાશમાં આવી છે. બુચા શહેરની સડકોની બન્ને બાજુ લાશોના ખડકાયેલા ઢગલાઓના વીડિયો ફૂટેજ મળ્યા છે.


માયકોલા ક્લિમચક

યુક્રેનની રાજધાની કિવથી ઉત્તર દિશામાં ૧૪૦ માઈલ દૂર આવેલા ચર્નોબિલ શહેરના બહારના ભાગમાં આવેલા યહિદ્રે ગામમાં વસતા માયકોલા ક્લિમચકની કથની ભલભલા યુદ્ધપ્રેમીની આંખમાં આંસુ લાવે તેવી છે. આ યહિદ્રે ગામ એ રશિયા અને બેલારુસની સરહદની સાવ નજીક છે. આ ગામમાં રશિયન સૈનિકોએ પ્રવેશ કર્યો અને એના પર એક મહિના સુધી પોતાનો કબજો કરી રાખ્યો. રશિયન સૈનિકોએ સ્થાનિક પુરુષો, મહિલાઓ અને બાળકોને બંદૂકની અણીએ એમનાં ઘરોમાંથી બહાર કાઢીને એક સ્થાનિક સ્કૂલના ભોંયરામાં એકઠાં કર્યાં. લગભગ ૭૦૦ વર્ગ ફૂટના આ ભોંયરામાં ૧૩૦ લોકોને ચાર-ચાર અઠવાડિયાં સુધી ગોંધી રાખવામાં આવ્યા. યહિદ્રેવાસી માયકોલા ક્લિમચકને પણ આ રીતે પોતાના ગ્રામવાસીઓ સાથે રહેવું પડ્યું.

યુદ્ધનો શિકાર બનેલા માયકોલાએ પોતાની આપવીતી વર્ણવતાં કહ્યું, 'અમને એ બેઝમેન્ટમાં લઈ ગયા. થોડાં પગથિયાં ઊતરતાં જ અમે બેઝમેન્ટમાં પહોંચી ગયા, જ્યાં અમે સહુએ સડેલી વસ્તુઓની તીવ્ર દુર્ગંધનો સામનો કર્યો. ગંદકીથી ખદબદતા આ બેઝમેન્ટની જમીન પર કેટલાંક ગાદલાં, કપડાં, જૂતાં અને પુસ્તકો વિખરાયેલાં પડ્યાં હતાં. ભોંયરાની વચ્ચોવચ્ચ બાળકો માટેના કેટલાક બિસ્તરા પડ્યા હતા અને એક ખૂણામાં વેરવિખેર વાસણો પડ્યાં હતાં. મેં મારી જાતને એક રેલિંગ સાથે બાંધી દીધી હતી, જેથી ઊભા ઊભા સૂઈ શકાય. અમને આ ભોંયરાના છેલ્લા ખૂણે લઈ ગયા.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| માનવતાને વીંધતી એ આંગળીઓ ! | ૩ | કુમારપાળ દેસાઈ |
| મહેકતો ગુલદસ્તો | ૮ | જસુ કવિ |
| લોકસભા-વિધાનસભાની ચૂંટણીઓ સાથે યોજવાના લાભો | ૧૧ | પ્રવીણ ક. લહેરી |
| શાંત રેફ્રિજરેટર | ૧૫ | ચિંતન ભટ્ટ |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૧૯ | સંકલન : ભદ્રાયુ વછરાજાની |
| ટ્રાફિકની સમસ્યાની વહારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ | ૨૩ | હર્ષ મેસવાણિયા |
| ડ્રમવાદનનો અધિકાર | ૨૬ | પ્રીતિ શાહ |
| અથ શ્રીચાંદલા-કથા | ૨૮ | રતિલાલ બોરીસાગર |
| સરખેજના રોજામાં મંડપારોપણ | ૩૧ | સુધા ભટ્ટ |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | – |

આ એ અડધો મીટર જગ્યા છે, જ્યાં હું રશિયન કેદ દરમિયાન ઊભો ઊભો સૂતો હતો. આ રીતે મેં લગભગ પચીસ રાતો પસાર કરી છે. ક્યાંક ભૂલથી પણ બીજી કોઈ વ્યક્તિ પર પગ ના મૂકી દેવાય એવી બીકના કારણે લોકો હલનચલન કરી શકતા નહોતા. અહીં ૪૦-૫૦ બાળકોને પણ બંધક બનાવીને રાખ્યાં હતાં. એમાં નવજાત શિશુઓ પણ હતાં. આમાં સૌથી નાની ઉંમરનું બાળક માત્ર બે મહિનાનું હતું !'

હકીકત એ બની કે યહિદ્રે પર રશિયાએ પ્રારંભમાં હુમલો કર્યો, ત્યારે યહિદ્રે-વાસીઓએ રશિયન સૈનિકોનો પ્રબળ પ્રતિકાર કર્યો, પરંતુ ઓછી સંખ્યા અને શસ્ત્રોના અભાવે આ પ્રતિકાર ઝાઝો સમય ટક્યો નહીં. બીજી બાજુ ત્રણ લાખ લોકોની વસ્તી ધરાવતા આ શહેરને ઘેરીને રશિયાએ બૉંબમારો શરૂ કર્યો. રશિયાની યુદ્ધનીતિ એવી છે કે પહેલાં શહેરની આજુબાજુ ટૅન્કોથી ઘેરો ઘાલવો. પછી એ શહેર પર સતત બૉંબમારો કરવો અને આખા શહેરને ખંડેર કરી નાખવું અને પછી શહેર પર પ્રભુત્વ જમાવવું. આથી યહિદ્રે શહેરને ઘેરી લઈને બૉંબમારો કરવાની સાથોસાથ રાજધાની કિવ જવાના માર્ગ પરનો પુલ તોડી નાખ્યો, આથી લોકોને શહેરમાંથી નાસી છૂટવાની કોઈ તક મળે નહીં અને પરિણામે એમને બેઝમેન્ટ કે પછી ભોંયરામાં પાણી અને ભોજન વિના વલખાં મારતા મોતને હવાલે થવું પડે.

માયકોલા જે ભોંયરામાં હતો એમાં રહેલા લોકોમાંથી બાર જેટલા મૃત્યુ પામ્યા. બહાર બૉંબવર્ષા થતી હોય, ગોળીબાર થતા હોય, રશિયન ટૅન્કો ઘૂમતી હોય, ત્યારે ભોંયરામાંથી બહાર નીકળવાનો સવાલ જ નહોતો. આથી આ વૃદ્ધોના અને અન્ય લોકોના મૃતદેહોની વચ્ચે જ એકસો ત્રીસ જેટલી વ્યક્તિઓએ ભોંયરામાં ચાર-ચાર અઠવાડિયાં પસાર કર્યાં. આમાં કેટલાકનાં મૃત્યુ વૃદ્ધત્વને કારણે થયાં, કેટલાકનાં અન્નના અભાવે તો કેટલાકનાં શ્વાસ રૂંધાવાને કારણે થયાં. રશિયન સૈનિકો આ મૃતદેહોને ભોંયરામાંથી હટાવવા માગતા નહોતા. આથી અહીં દિવસોના દિવસો સુધી જીવિત રહેલા લોકોને મૃતદેહો સાથે રહેવું પડ્યું. વળી જો પરિસ્થિતિ સામાન્ય હોત તો આમાંના ઘણા લોકોનાં મૃત્યુ થયાં ન હોત. ખુદ માયકોલાના પગમાં સોજો આવવા લાગ્યો હતો. પડી જઈશ એવી ધાસ્તી રહેતી હતી, પરંતુ એના મનમાં એક મક્કમ ઈરાદો હતો કે મારે જીવવું છે અને તે પણ મારી દીકરી અને દૌહિત્રોને માટે. ભોંયરામાં બંધક લોકોમાંથી થોડા-થોડા લોકોને રશિયન સૈનિકો બહાર લઈ જતા અને એનો યુક્રેનના યોદ્ધાઓ સામે માનવઢાલ તરીકે ઉપયોગ કરતા હતા. અહીં શૌચ જવાની પણ પરવાનગી નહોતી એટલે ડોલનો ઉપયોગ કરવા મજબૂર કરવામાં આવ્યા હતા.

એ હકીકત છે કે યુદ્ધમાં સૌથી વધુ વેદના સ્ત્રીઓ અને એથીયે વિશેષ બાળકોને સહેવી પડે છે. યુક્રેનનાં ૭૫ લાખ બાળકોની દુર્દશાનો કોઈએ વિચાર કર્યો ખરો ? ૧૫મી એપ્રિલે આ લખાય છે, ત્યારે યુક્રેનનાં ૨૫ લાખથી વધુ બાળકો વિસ્થાપિત બની ચૂક્યાં છે. બાળકો વિસ્થાપિત બને તેનું પરિણામ અને પડઘો ભવિષ્યની અનેક પેઢીઓ સુધી પડતો હોય છે. આવાં બાળકો પર ક્રૂર દમન, સતત શોષણ અને

માનવતસ્કરીનું જોખમ સતત ઝળૂંબતું હોય છે. વિચાર કરીએ કે આ પરિસ્થિતિ કેવી ભયાવહ હશે કે જ્યારે મૃત્યુ પામેલાં માતા-પિતાઓએ પોતાનાં બે-ત્રણ વર્ષનાં સંતાનો જો જીવી જાય તો એમની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે એમની પીઠ પર નામ, નંબર અને સરનામાં લખ્યાં છે.

યુક્રેને ૧૮થી ૬૦ વર્ષની વયના યુક્રેનવાસી પુરુષોને દેશમાં જ રહેવાનો આદેશ આપ્યો છે, આથી ઘણાં માતા-પિતા પોતાનાં બાળકોને અન્ય દેશની સરહદ પાસે લાવીને કોઈને સોંપી દે છે અને એ દેશમાં કડકડતી ઠંડીમાં જાડાં જૅકેટ અને ટોપીઓ સાથે ગયેલાં બાળકોને વિદાય આપતી વખતે માતા એવું કહે છે, 'થોડા સમયમાં બધું બરાબર થઈ જશે. તમને બોલાવી લઈશ. એક-બે અઠવાડિયાંમાં આપણે આપણા ઘેર મળીશું.'

બીજા વિશ્વયુદ્ધ પછી આટલા મોટા પ્રમાણમાં કોઈ પણ દેશનાં બાળકોનું વિસ્થાપન થયું નથી. આવાં વિસ્થાપિત થયેલાં બાળકો અંગે ઇન્ટરનેશનલ ઑર્ગેનાઇઝેશન ફૉર માઇગ્રેશનના જણાવ્યા મુજબ ત્રણમાંથી એક બાળક આંતરિક રીતે વિસ્થાપિત વ્યક્તિ તરીકે ક્રૉનિક પરિસ્થિતિથી જીવનભર પીડાય છે.



**'રિયલ હીરો' હસન પિસેકા**

આ બધી વેદનાની વાતો વચ્ચે અગિયાર વર્ષના એક બાળકની વાત પર નજર કરીએ. અગિયાર વર્ષના પોતાના દીકરા હસન પિસેકાને બચાવવા માટે એની માતા જુલિયા પિસેકાએ એને વિદેશ મોકલવાનું નક્કી કર્યું. આ યુદ્ધગ્રસ્ત દેશમાંથી એ હેમખેમ નીકળી જાય તો સારું. જુલિયાને તો અહીં રહેવું પડે તેમ હતું, તેથી એણે એના અગિયાર વર્ષના દીકરાને પાસપૉર્ટ આપીને ટ્રેનમાં બેસાડી દીધો અને એના હાથ પર એના સગા-સંબંધીઓના મોબાઇલ નંબર લખી દીધા. રશિયાના આક્રમણને કારણે પુત્રનું મૃત્યુ ન થાય એટલા માટે માતાએ એને એક હજાર કિમી. દૂર મોકલવાનું નક્કી કર્યું. એ એકલો જ એક હજાર કિમી. દૂર આવેલા સ્લોવાકિયામાં પહોંચ્યો. અહીં એક સ્વયંસેવકે એની સંભાળ લીધી અને ભોજન આપ્યું. આવી રીતે આજે યુક્રેનવાસીઓએ આક્રમણથી બચાવવા માટે પોતાનાં બાળકોને અને પરિવારના વૃદ્ધોને અન્ય દેશોમાં સુરક્ષિત સ્થળોએ મોકલી આપ્યાં છે. અગિયાર વર્ષના હસન પિસેકાના ચહેરા પરના સ્મિત અને નીડરતાએ લોકોનું હૃદય જીતી લીધું. એ 'રિયલ હીરો' સાબિત થયો. આ બાળક એનાં માતા-પિતાનો સંપર્ક કરી શકે તે માટે એના હાથ પર સ્લોવાકિયાના વિદેશ વિભાગે લખેલા મોબાઇલ નંબર અને પાસપૉર્ટમાં રાખેલા એક કાગળના ટુકડા માટે એનાં માતા-પિતાનો આભાર માન્યો.

આવી એક બીજી હિંમતભરી ઘટના ભારતવાસી નેહાની છે. હરિયાણાની ૧૭ વર્ષની નેહા એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરવા માટે યુક્રેનના કિવ શહેરમાં રહેતી

હતી. હૉસ્ટેલની સુવિધા નહીં મળવાને કારણે અહીં એક એન્જિનિયરના ઘરમાં એક રૂમ ભાડે રાખીને રહેતી હતી. એવામાં રશિયાનું આક્રમણ થતાં એ મકાનમાલિક એન્જિનિયરે માતૃભૂમિની રક્ષાને માટે યુક્રેનની સેના સાથે મળીને યુદ્ધ ખેલવાનો નિર્ણય કર્યો. એના પરિવારમાં પત્ની અને ત્રણ બાળકો હતાં. યુદ્ધમાં જતા પૂર્વે એન્જિનિયરને એમની ચિંતા હતી, ત્યારે નેહાએ આ પરિવારની સંભાળ લેવાની સઘળી જવાબદારી લીધી. બીજી બાજુ હરિયાણામાં વસતા એના પરિવારે એને તાત્કાલિક પાછા આવવા આગ્રહ કર્યો, ત્યારે નેહાએ કહ્યું, 'હું જીવતી રહું કે ન રહું, પણ આ બાળકો અને એમની માતાને આવી હાલતમાં છોડીને આવી શકું નહીં.' બે વર્ષ પૂર્વે ભારતીય સેનામાં કાર્યરત એવા એના પિતાને નેહાએ ગુમાવ્યા છે. ગયા વર્ષે એણે યુક્રેનમાં અભ્યાસ માટે એડમિશન લીધું અને આજે એ મકાનમાલિકની પત્ની અને ત્રણ બાળકો સાથે એક બંકરમાં છુપાઈને રહે છે. બહાર બૉંબધડાકા સંભળાય છે, પરંતુ નેહા એની જવાબદારીમાંથી સહેજે પાછી પડવા માગતી નથી. યુક્રેનમાં આવી પરિસ્થિતિ જોતાં તેને દેશ છોડવાની સલાહ આપવામાં આવી. એની માતાએ પણ એ ભારત પાછી આવી જાય, તે માટે ઘણા વિફળ પ્રયત્નો કર્યા. યુક્રેનથી રોમાનિયા થઈને ભારત આવવાની નેહાને તક પણ મળી હતી, પરંતુ એ આ ભયાવહ માહોલમાં એ એન્જિનિયરના પરિવારની સાથે રહેવા મક્કમ છે. એનાં બાળકો સાથે પણ એ ઘણી હળીભળી ગઈ છે. નેહાની સાહસિકતા એક મિસાલ બની ગઈ છે.

યુક્રેનવાસીઓ ઘઉં, બકવ્હીર, સુગરબીટ, જવ, મકાઈ, કપાસ, સૂર્યમુખીનાં ફૂલ, શાકભાજી અને ફળફળાદિની ખેતી કરે છે. દેશની ૫૫ % જમીન હરિયાળાં ખેતરોથી આચ્છાદિત છે. આફ્રિકાના સેનેગલ દેશના કવિ સેમ્બેને ઓસમનને 'Fingers' નામના કાવ્યમાં સંગેમરમરમાં સુંદર આકૃતિ સર્જતી સ્થપતિની આંગળીઓ કે પછી જમીનને હળથી ખેડ્યા બાદ ખાડો ખોદી વાવણી કરતા ખેડૂતની આંગળીઓની વાત કરતાં એ એક એવી આંગળીઓ પ્રતિ લક્ષ દોરે છે કે જે સર્જનને બદલે માનવજીવનનો નાશ કરે છે. સૈનિકની એ આંગળીઓ માનવતાનો મૃત્યુસંદેશ બની રહે છે. કવિ કહે છે,

The finger of a soldier
Across the rivers and languages
Of Europe and Asia
Of China and Africa,
Of India and the Oceans
Let us join our fingers to take away
All the power of their finger
Which keeps humanity in mourning.

સંહાર કરતી એ આંગળીઓની શક્તિ કોઈ લઈ શકશે ખરું કે પછી એ દમનકારીઓની દયાહીન આંગળીઓ માનવતાને વીંધતી રહેશે !

**– કુમારપાળ દેસાઈ**

# મહેકતો ગુલદસ્તો

તાજેતરમાં પત્રકાર અને લેખક રમેશ તન્ના દ્વારા માનવતાના ઘડતરમાં કાર્યરત માનવીઓ અને સંસ્થાઓના વિષયને કેન્દ્રમાં લઈને લખાયેલું તેમનું ચોથું પુસ્તક 'સમાજની કરુણા' આ વિષયનું એક મહત્ત્વનું પુસ્તક બન્યું છે. આ અગાઉ સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી રમેશ તન્નાની આ અને આવી જીવનકથાઓ દેશમાં અને વિદેશમાં ખૂબ જ આવકાર પામી છે. ક્યારેક આ વિષયનાં સાવ નબળાં તો વળી ક્યારેક ખૂબ ઉચ્ચ કક્ષાનાં છતાં વિષયને અને રજૂઆતને ભારેખમ બનાવી દેતાં પુસ્તકોની વચ્ચે સહજતા, સરળતા અને સચ્ચાઈથી આવરી લેવાયેલા આ પુસ્તકનાં અઠ્ઠાવન પ્રકરણોમાં એવાં હાથવગાં વ્યક્તિઓ, સંગઠનો કે સંસ્થાઓને સ્પર્શી જાય તેવાં શબ્દચિત્રોથી વાચકને પોતીકી લાગે તેવી માહિતી અને ઘટનાઓનાં શબ્દચિત્રો પ્રાપ્ત થયાં છે.

'સમાજની કરુણા' પુસ્તકનાં ત્રણસો ને ચાર પાનાંઓમાંથી પસાર થતાં મારા જેવા અનેક વાચકોને 'જાતઠપકો' આપવાનું મન થઈ જાય છે ને વાચક મનોમન બોલી પડે છે કે, 'અરે! આ બધી ઘટનાઓ, વ્યક્તિઓ કે સંસ્થાઓ આપણી આસપાસ હોવા છતાં કોઈનું કે આપણું ધ્યાન કેમ ગયું નથી ? એ રસ્તેથી આપણેય નીકળ્યા હતા તો પછી એ આપણને કેમ દેખાયું નથી?'


બસ, આ જ છે એક સંવેદનશીલ સર્જક રમેશ તન્નાની હકારાત્મક દૃષ્ટિની કમાલ અને પછી એ ઘટનાઓ, વ્યક્તિઓ અને સંસ્થાઓની પ્રસન્નતા અને પ્રેરણાથી આપણને છલકાવી દેતી કલમનો પ્રસાદ.

એક ઘરકામ કરતી સામાન્ય ગિરિજાબહેન બધેકાએ ઉત્તર ગુજરાતની પિલવાઈ ગામની કૉલેજમાં પુસ્તકાલય માટે પોતાના જીવનભરની કમાણીનું દાન આપ્યું. આજકાલ નાનકડું દાન કરીને પોતાની પ્રશસ્તિનાં ઢોલ વગડાવતા કહેવાતા સમાજસેવકો, રાજકારણીઓની સામે ગિરિજાબહેન મૂઠી ઊંચેરાં સાબિત તો થાય જ છે, પણ આપણને પણ આવી કોઈક પહેલ કરવા પ્રેરે છે.

મુસ્લિમ કુટુંબમાં જન્મેલાં ખુરશીદ બાનુ અનેક અવરોધો અને પ્રતિરોધોનો સામનો કરીને, તેમના પતિ વકાર અહેમદના સથવારે અમદાવાદના જયશંકર સુંદરી નાટ્યગૃહની સામે પોતાના 'સહેલી' નામના શો-રૂમનું નિર્માણ, સંકલન અને સંચાલન કરવા સુધી દોરી જાય છે. રૂઢિચુસ્ત રિવાજોને કોરાણે મૂકતાં ખુરશીદ બાનુએ બુરખાનો ત્યાગ કર્યો અને એક ડિઝાઈનર તરીકે એવી નામના મેળવી કે વર્ષ ૧૯૮૮માં રશિયામાં ફેસ્ટિવલ ઑવ્ ઇન્ડિયામાં દેશનું પ્રતિનિધિત્વ કરી શક્યાં.

રમેશ તન્ના જેને ગુજરાતના 'ડિજિટલ ગિજુભાઈ' ગણે છે તેવા ધનંજય રાવલ

ગુજરાતના યુવાનો માટે એકવીસમી સદીને અનુરૂપ ટૅક્નૉલૉજીના વિનિયોગ માટે, પ્રસાર-પ્રચાર માટે અંકુર હૉબી સેન્ટરના માધ્યમથી પોતાની આગવી રીતે સમાજની સેવા કરી રહ્યા છે.




મહેસાણા જિલ્લાના જમિયતપુરા ગામના શિક્ષક જનકભાઈ પટેલે એક શિક્ષક તરીકેના કર્તૃત્વને તો સુપેરે નિભાવ્યું જ પણ એનાથીય આગળ વધીને પર્યાવરણની જાળવણી, વરસાદી પાણીનો સંગ્રહ, શાળાપરિસરમાં ટપકપદ્ધતિનો ઉપયોગ વગેરે આયામોથી એક આદર્શ ઈકો-ફ્રેન્ડલી શાળાનું નિર્માણ કરીને ગામની કાયાપલટ કરી નાખી.

એક બીજા પ્રકરણનું એક દૃશ્ય જોઈએ. ભરબપોરે ધોમધખતા તાપમાં અમદાવાદમાં નવરંગપુરા વિસ્તારમાં એક પગલારી ચાની કીટલી પાસે આવીને અટકે છે. માંડ માંડ મજૂરી કરીને પેટિયું રળતાં એક દંપતી અને બે બાળકોના આ પરિવારની પાસે માંડ પરચૂરણ એકઠું થયું છે. ઝાડ નીચે થોડોક પોરો ખાવા રોકાય છે. બાજુની ચાની લારી ઉપર કટિંગનો ઑર્ડર આપે છે ત્યાં જ બે બાળકો પૈકીના એકે કહ્યું, 'મા, ખૂબ ભૂખ લાગી છે. કંઈક ખવડાવ ને'. મા થોડુંક છૂટું પરચૂરણ આપીને કહે છે કે, 'જા, સામેની સમોસાની લારી ઉપરથી સમોસું ખરીદી લે.' દીકરો હોંશે હોંશે જઈને સમોસું લઈ આવે છે. હજી તો દીકરો માંડ સમોસું મોઢામાં મૂકે ત્યાં એક કૂતરો પૂછડી પટપટાવતો દોડી આવે છે. મા ધીરેથી છોકરાને કહે છે, 'દીકરા, થોડુંક કૂતરાને પણ ખવડાવજે.' સહેજ પણ અચકાયા વગર પોતાના ટુકડામાંથી પેલો બાળક કૂતરાને ખવડાવે છે. ટુકડો ખાઈ લીધા પછી કૂતરો જીભ પટપટાવતો એની સામે જોઈ રહે છે. બાળકિશોર સમજી જાય છે કે કૂતરો વધારે ભૂખ્યો છે તેથી પોતે ભૂખ્યા રહીને પણ મોટા ભાગનું સમોસું કૂતરાને ખવડાવી દે છે.

ત્યાંથી પસાર થઈ રહેલા લેખક દૂરથી આ અનુપમ દૃશ્ય જોઈ રહ્યા છે. કૂતરો તો પેટ ભરીને દોડીને પોતાના સ્થાને જતો રહ્યો. લેખકથી રહેવાયું નહિ એટલે બાળક પાસે જઈને પૂછ્યું, 'તને તો બહુ ભૂખ લાગી હતી તોય તેં તારા ભાગમાંથી કેમ સમોસું આપી દીધું ?' છોકરો બોલ્યો, 'જો હું ભૂખ્યો હતો તો એય ભૂખ્યો જ હતોને ? એને કોણ ખાવાનું આપે ?' કોઈ પાઠશાળા, મહાશાળા, મંદિર, મસ્જિદ કે કોઈ વ્યાસપીઠ ઉપરથી પણ ભાગ્યે જ સાંભળવા મળે એવા માનવતાની મહેકથી તરબતર આ શબ્દો અને ખરા બપોરે રમેશ તન્નાએ જોયેલું આ દૃશ્ય અને લેખકે પુસ્તકમાં મૂકેલું ચિત્ર આપણા ચિત્તને હચમચાવી જાય છે.

આપણી આડોશપાડોશમાં આપણે જે રસ્તેથી પસાર થતા હોઈએ તે જ રસ્તે આપણા ગામમાં કે શહેરમાં પ્રસન્નતા અને પ્રેરણા આપતાં આવાં ઓછાં પ્રકાશિત માણસો, સંસ્થાઓ કે ઘટનાઓની લોકગંધથી તરબતર અઠ્ઠાવન ચિત્રો આપણને સમાજની કરુણાની સમીપે મૂકી આપે છે.

સાહજિક અને સરળ લેખનશૈલી એ રમેશ તન્નાનું સર્જક તરીકેનું સૌથી મોટું જમા પાસું છે. પુસ્તક વાંચવાનું શરૂ કરીએ ત્યારે થોડીક જ વારમાં આપણે ભૂલી જઈએ કે આપણે વાંચી રહ્યા છીએ. એવું લાગે કે જાણે આપણે પણ થોડાક સમય માટે લેખક રમેશ તન્નાની આંખે હકારાત્મકતાનાં પ્રેરણાત્મક અઠ્ઠાવન શબ્દચિત્રોની પડખેથી પસાર થઈ રહ્યા છીએ.

ફાધર વાલેસ જેવા મૂઠી ઊંચેરા માણસની વાત કહેવાની હોય કે ખુલ્લામાં રહેતા જીવરાજભાઈ પ્રજાપતિની કે પછી કાગળ વીણતાં શ્રમજીવી કુંવરબહેનની વાત કરવાની હોય - લેખક કોઈ જગ્યાએ પોતાના પ્રામાણિક 'કલમન્યાય' સાથે સમજૂતી કરતા નથી.

હકારાત્મકતાના વિષય ઉપરનાં પુસ્તકોના ઢગલામાંથી આપ પણ આપની એક્સ-રે દૃષ્ટિનો ઉપયોગ કરીને રમેશ તન્નાલિખિત અને પ્રકાશિત પૉઝિટિવના પ્રચંડ ધોધથી ભીંજવી દેતું 'સમાજની કરુણા'નું પુસ્તક જરૂર ઉપાડી લેજો. સાંપ્રત સમયની વિષમતાઓ, તણાવો, અભાવો અને વિખવાદો વચ્ચે મૂરઝાતા જતા આપણા મનને આ પુસ્તક માટીની ભીની ભીની સુગંધથી તાજગીસભર એક મહેકતો ગુલદસ્તો બનાવી દેશે.

**– જસુ કવિ**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમત-ગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# લોકસભા-વિધાનસભાની ચૂંટણીઓ સાથે યોજવાના લાભો

ચૂંટણી લોકશાહીનો પ્રાણ છે. મુક્ત, તટસ્થ અને શાંતિપૂર્ણ ચૂંટણી એ લોકશાહીની પૂર્વશરત છે. સત્તાનો મોહ ચૂંટણીમાં ગેરરીતિઓ, ધાકધમકી, જ્ઞાતિવાદ, હિંસા, બોગસ વોટિંગ, અફવાઓ અને ધર્મ-ભાષાના નામે વોટબૅન્કો બનાવવાની પ્રક્રિયામાં વ્યક્ત થાય છે. 'પ્રેમ અને યુદ્ધમાં સઘળું સારું જ છે' તેમ માનીને ચૂંટણી પણ સ્વસ્થ સ્પર્ધા રહેવાના બદલે ગળાકાપ હરીફાઈ બની જાય છે. અનેક દેશોમાં ચૂંટણીમાં થયેલ ગોટાળાના કારણે લોકશાહીનો મૃત્યુઘંટ વાગ્યો છે. ચૂંટણીની પ્રક્રિયામાં ખોટું કરવાનો અવકાશ ન રહે, તે માટે જનજાગૃતિ, ચુસ્ત વહીવટી વ્યવસ્થા, પક્ષ અને ઉમેદવારો માટે આચારસંહિતા અનિવાર્ય છે.

આપણો દેશ વિશ્વની સૌથી મોટી લોકશાહી હોવાનું ગૌરવ ધરાવે છે. ભારતના બંધારણની ૧૯૫૦માં શરૂઆત થયા પછી પ્રથમ સામાન્ય ચૂંટણી ૧૯૫૨માં યોજવામાં આવી. અભણ મતદારોની બહુમતી, સદીઓની ગુલામી - રજવાડાં અને બ્રિટિશ સામ્રાજ્યને કારણે ડરી ગયેલી પ્રજાએ પ્રથમ ચૂંટણીમાં જે રીતે ભાગ લીધો અને એ પછી યોજાયેલી તમામ ચૂંટણીઓમાં મતદારોએ જે જાગૃતિ દર્શાવી અને ચુકાદાઓ આપ્યા, તેથી ભારતની લોકશાહી એક પુખ્ત અને પ્રભાવશાળી હોવા અંગે વિવાદ નથી. અનેક દેશોમાં લોકશાહીનું બાળમરણ થયું છે, ત્યારે ૭૫ કરોડ મતદારો ધરાવતા આપણા દેશમાં લોકશાહીનો ધબકાર ૭૨ વર્ષથી અવિરત (કટોકટીના ૨૧ માસના અપવાદ સાથે) ગતિશીલ અને સ્વસ્થ રીતે સંભળાય છે. આપણે આઝાદીના અમૃત-મહોત્સવના (૭૫મા) વર્ષમાં લોકશાહીની સફળતા અંગે આનંદ, ગૌરવ અને સંતોષની લાગણી અનુભવી શકીએ છીએ.

૧૯૫૨માં, ૧૯૫૭માં, ૧૯૬૨માં અને ૧૯૬૭માં લોકસભા અને રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજાઈ હતી. ૧૯૫૯માં કેરળમાં લાગુ કરાયેલા રાષ્ટ્રપતિશાસન બાદ ત્યાંની વિધાનસભાની ચૂંટણીનું સમયપત્રક બદલાયું. ૧૯૬૭ પછી વિવિધ રાજ્યોમાં અનેક વાર સમયમર્યાદા કરતાં વહેલા વિધાનસભાના વિસર્જન અને રાષ્ટ્રપતિશાસનને કારણે વિધાનસભાની ચૂંટણીઓનો સમય અલગ અલગ થયો છે. દેશનાં ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોની ચૂંટણીઓ અને લોકસભાની ચૂંટણીઓના સમયપત્રકમાં ખાસ્સું અંતર આવી ગયું છે. આજે તો દર વર્ષે પાંચ, છ કે સાત રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચૂંટણીઓ યોજાતી રહે છે. માત્ર આંધ્રપ્રદેશની ચૂંટણીઓ લોકસભાની ચૂંટણી સાથે યોજાય છે. આના કારણે દેશમાં સતત ચૂંટણીનું વાતાવરણ રહે છે, જેમાં પક્ષાપક્ષી દ્વારા ધિક્કાર, અવિશ્વાસની લાગણી, વહીવટી અવરોધો અને બેફામ ખર્ચને કારણે દેશને ઘણું નુકસાન થાય છે.

અમેરિકામાં સેનેટ, હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ, ગવર્નરો અને રાજ્યોનાં વિધાનગૃહોની ચૂંટણી દર ચાર વર્ષે નિશ્ચિત તારીખે યોજાય છે. ૫૦ ટકા ગવર્નરો, સેનેટના અમુક સભ્યો માટે ૨ વર્ષે મધ્યવર્તી ચૂંટણીઓ યોજાય છે. આપણે પણ સમગ્ર રાષ્ટ્રમાં એક જ દિવસે (કે સપ્તાહ/પખવાડિયામાં) તમામ ચૂંટણીઓ યોજવી જોઈએ, જેથી આજની પદ્ધતિથી થતી અરાજકતા નિવારી શકાય. એક દલીલ એવી છે કે આપણા સમવાયતંત્રમાં રાજ્યોની વિધાનસભા વિખેરી નાખવાની અને રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની જે બંધારણીય જોગવાઈઓ છે, ચૂંટણી કરવા માટેની જે કલમો છે તેના કારણે અમેરિકા જેવી વ્યવસ્થા શક્ય નથી. ચૂંટણીઓ અલગ અલગ યોજવાના કારણે જે સમસ્યાઓ થાય છે, જે નુકસાન થાય છે તેનો ઉકેલ શોધવો જરૂરી છે. 'એક રાષ્ટ્ર, એક ચૂંટણીના શીર્ષક હેઠળ આ અંગે વિશદ ચર્ચા ચાલી રહી છે. તજ્જ્ઞો દ્વારા વિવિધ વિકલ્પો પણ સૂચવવામાં આવ્યા છે. આ વિકલ્પો વિચારતાં પહેલાં ચૂંટણી વારંવાર યોજાતી રહે તો તેનાથી જે હાનિ થાય છે તેનો વિચાર કરવો જરૂરી છે.

૧૯૫૨માં, ૧૯૫૭માં અને ૧૯૬૨માં દેશમાં કેન્દ્ર અને રાજ્યોમાં કૉંગ્રેસ પક્ષનું એકચક્રી શાસન હતું. ૧૯૬૭માં અનેક રાજ્યોમાં કૉંગ્રેસની નોંધપાત્ર પીછેહઠ થઈ. પ્રાદેશિક પક્ષો અને રાષ્ટ્રીય કક્ષાના વિરોધપક્ષોને સફળતા મળતાં વિરોધપક્ષોની સરકારો રચાઈ. તમિળનાડુ જેવા રાજ્યમાં ૫૫ વર્ષથી બેમાંથી એક પ્રાદેશિક પક્ષની સરકાર બને છે. ત્યાં કોઈ રાષ્ટ્રીય રાજકીય પક્ષનું અસ્તિત્વ જ દેખાતું નથી. રાજ્યોમાં રાજકીય અસ્થિરતા સર્જાતાં અનેક વાર વિધાનસભા ભંગ કરીને રાષ્ટ્રપતિશાસન (જે દર છ માસે સંસદે મંજૂરી આપી લંબાવવું જરૂરી છે) લાદ્યા બાદ યોજાતી ચૂંટણીઓ અલગ અલગ વર્ષમાં હોવાથી દર વર્ષે કોઈક ને કોઈક રાજ્યમાં ચૂંટણી આવે છે.

૧૯૯૦માં ભારતના ચૂંટણી-કમિશનર તરીકે શ્રી ટી. એન. શેષાનની નિમણૂક થઈ. આ સમયે ચૂંટણીમાં બૂથ કૅપ્ચરથી (સમગ્ર મતદાનમથક કબજે કરવાથી) માંડીને અગણિત ગેરરીતિઓ થતી હતી. આચારસંહિતાનાં બંધનો માત્ર કાગળ પર હતાં. પૈસાનો, સરકારી તંત્રનો અને જોગવાઈઓના અર્થઘટનનો બેફામ દુરુપયોગ કરીને ચૂંટણીની વિશ્વસનીયતાને ખાસ્સી હાનિ થઈ હતી. ચૂંટણી-સુધારાની પ્રક્રિયા માટે શ્રી શેષાને જે દૃઢ સંકલ્પ, વિગતવાર આયોજન અને કડકાઈથી અમલ કર્યો તેના કારણે ઉમેદવારો અને રાજકીય પક્ષો પર અનેક નિયંત્રણો આવ્યાં. ચૂંટણીની જાહેરાત સાથે જ આચારસંહિતાના અમલના કારણે મંત્રીઓ (કેન્દ્ર કે રાજ્યના) માટે સરકારી વાહન વાપરવાથી માંડીને ચૂંટણીલક્ષી નિર્ણયો ન કરવા માટે જે પ્રતિબંધો મૂક્યા છે તે એટલા કડક છે કે સરકારી તંત્રને રોજબરોજના વહીવટમાં રુકાવટ આવી જાય છે. પક્ષ અને ઉમેદવારો પર ખર્ચ કરવા માટે, હિસાબ રાખવા માટે, પ્રચારકોનાં નામો અગાઉથી આપવા અંગે અનેક પ્રતિબંધોના અમલમાં સેંકડો આઈ.એ.એસ. અધિકારીઓ અને કેન્દ્રીય અધિકારીઓ નિરીક્ષકો તરીકે પોતાની ચાલુ જવાબદારી છોડી દિવસો સુધી ચૂંટણીકાર્યમાં વ્યસ્ત રહે છે. ચૂંટણીની જાહેરાતથી પરિણામ તારીખ જાહેર કરવામાં

ક્યારેક તો બેથી ત્રણ માસનો સમયગાળો હોય છે, કારણ કે મોટાં રાજ્યોમાં ચૂંટણી તબક્કાવાર યોજાય છે. આ સઘળાં કારણોને લીધે વહીવટ ઠપ્પ થઈ જાય છે. જો આવા પ્રતિબંધો હટાવીએ તો ચૂંટણીઓ વિકૃત થાય છે. આથી દેશમાં ચોક્કસ અને અગાઉથી નિયત થયેલા સમયપત્રક મુજબ લોકસભાની અને રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ એક સાથે યોજવા માટે આગ્રહ થઈ રહ્યો છે. શું આ શક્ય છે ?

લોકસભા અને રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ સાથે યોજવી હોય, તો સૌથી પ્રથમ બંધારણમાં સુધારો કરીને વિધાનસભાની મુદત લંબાવવા અથવા તો ઘટાડો કરવાની સત્તા કેન્દ્ર-સરકારને ચૂંટણીપંચની સલાહ મુજબ ઉપયોગ કરવાની શરતે આપવી જરૂરી બને છે. ઉદાહરણ તરીકે લોકસભાની આગામી ચૂંટણી મે, ૨૦૨૪માં છે. આ સાથે આંધ્રપ્રદેશ વિધાનસભાની ચૂંટણી નક્કી છે. હવે ૨૦૨૩માં ફેબ્રુઆરીથી ડિસેમ્બર સુધીમાં નવ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ છે. ફેબ્રુઆરીમાં ત્રિપુરા, મેઘાલય, નાગાલૅન્ડ; મેમાં કર્ણાટક; નવેમ્બરમાં છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મિઝોરમ અને ડિસેમ્બરમાં રાજસ્થાન અને તેલંગાણાની ચૂંટણીઓ યોજવાની થાય છે. આ રાજ્યોની વિધાનસભાની મુદત ૬થી ૧૨ માસ વધારી, જરૂર પ્રમાણે ટૂંકા ગાળાનું રાષ્ટ્રપતિશાસન લાગુ કરી આ નવ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી લોકસભાની મે, ૨૦૨૪ સાથે યોજીને શુભ શરૂઆત કરી શકાય. ૨૦૨૩નું વર્ષ ચૂંટણીરહિત વર્ષ બનતાં તેના ફાયદાઓ અને પ્રશ્નો સામે આવશે. ૨૦૨૪માં લોકસભા ઉપરાંત કુલ ૭ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ આવશે. એપ્રિલમાં આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, ઓડિસા, સિક્કિમમાં ચૂંટણી છે. જ્યારે ઑક્ટોબર, ૨૦૨૪માં હરિયાણા, મહારાષ્ટ્રમાં અને ડિસેમ્બરમાં ઝારખંડમાં ચૂંટણીઓ છે. આ ચૂંટણીઓ થોડી વહેલીમોડી કરવાની સત્તા અત્યારે પણ ચૂંટણીપંચને છે. આ ચૂંટણીઓ લોકસભાની ચૂંટણી સાથે યોજવામાં આવે તો કુલ ૧૬ રાજ્યોની ચૂંટણી અલગ અલગ સમયે થતી નિવારી શકાય. ત્યારબાદ લોકસભાની ૨૦૨૯ની ચૂંટણીની તારીખ થોડી વહેલી કરીને અને બાકીનાં રાજ્યોની ચૂંટણીઓ સાથે કરી 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'નો સંકલ્પ સાકાર કરી શકાય.

આમ થાય તો સરકારને વહીવટમાં હાલ જે વારંવાર અંતરાયો ઊભા થાય છે, તેનું નિરાકરણ થઈ શકશે. આચારસંહિતાનો અમલ નિશ્ચિત સમયમાં થયા બાદ સરકારી-તંત્ર પોતાની રોજબરોજની કામગીરી સાતત્યપૂર્ણ રીતે કરી શકશે. લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ સાથે થતાં સરકારી ખર્ચમાં ખૂબ મોટી બચત થશે. કર્મચારીઓ માટે પણ વારંવાર થતી દોડધામ ઓછી થશે. રાજકીય પક્ષો માટે પણ સામાન્ય ચૂંટણી બાદ પાંચ વર્ષ માટે પ્રજા વચ્ચે રહીને લોકોપયોગી કાર્યો કરવાનો સમય રહેશે.

આપણા દેશની લોકશાહી સંસદીય પ્રકારની છે, તેથી જ્યારે જ્યારે સરકાર લોકસભા-વિધાનસભામાં બહુમતી ગુમાવે છે ત્યારે ચૂંટણી ફરી કરવાની જરૂરિયાત ઊભી થાય છે. આ અંગે વિધાનસભા ભંગ ન કરતાં રાષ્ટ્રપતિશાસન રાખીને ફરી સરકાર બનાવવા સમય આપવો, પણ ચૂંટણીઓ નિર્ધારિત સમયે જ થાય તેવી

બંધારણીય વ્યવસ્થા કરવાનો સમય પાકી ગયો છે. દેશમાં વડાપ્રધાનથી માંડીને વિધાનસભ્ય સૌ ચૂંટણીપ્રચારમાં સતત રોકાયેલા રહે છે તેના કરતાં તેમના સમય અને શક્તિનો રાષ્ટ્રઘડતરમાં ઉપયોગ થાય તેવી સ્થિતિ આવકાર્ય છે. ચૂંટણીના સતત માહોલમાં અપ્રચારની આંધી સર્જાય છે, તંત્રને રુકાવટ થાય છે, ખૂબ મોટો ખર્ચ વારંવાર થાય છે અને વિકાસનાં કામો સ્થગિત થાય છે તેનો ઉકેલ નિશ્ચિત સમયપત્રક મુજબ લોકસભા અને રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજાય તો દેશ માટે આશીર્વાદરૂપ વ્યવસ્થા ગણાશે. પ્રશ્નનો ઉકેલ મુશ્કેલ ભલે જણાય પણ અશક્ય નથી. આશા રાખીએ કે સાચી દિશામાં વિચારણા થશે.

**– પ્રવીણ ક. લહેરી**

---

## માતૃભાષા ગુજરાતીના ઉત્કર્ષ કાજે
## વિશ્વકોશ સાથે સહભાગી બન્યું લેક્સિકન

માતૃભાષા ગુજરાતીના પ્રચાર અને ઉત્કર્ષ માટેની મહેચ્છાથી જન્મ થયો ગુજરાતીલૅક્સિકન.કૉમ(gujaratilexicon.com)નો અને આ વિરાટ સ્વપ્નના દ્રષ્ટા હતા શ્રી રતિલાલ ચંદરયા. સામાન્ય અર્થમાં જોઈએ તો લૅક્સિકન એટલે ડિક્શનરી કે કોશ. પરંતુ ગુજરાતી લૅક્સિકન એ એક શબ્દકોશ કરતાં વધુ વિગતો સમાવે છે. ગુજરાતી લૅક્સિકન રજૂ કરવાનો મુખ્ય આશય ગુજરાતી ભાષાના માન્ય શબ્દકોશોને ડિજિટાઇઝ કરી તેને ડિજિટલ પ્લૅટફૉર્મ ઉપર ઉપલબ્ધ બનાવી ભવિષ્યની પેઢી માટે આ ભાષાના વારસાની સાચવણી કરી તેનો પ્રચાર-પ્રસાર કરવાનો છે.


તમે ગુજરાતી લૅક્સિકન વેબસાઇટ ઉપર અંગ્રેજી-ગુજરાતી શબ્દકોશ, ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશ, ગુજરાતી-ગુજરાતી શબ્દકોશ (સાર્થ, બૃહદ અને ભગવદ્‌ગોમંડલ સહિત), વિરુદ્ધાર્થ કોશ, રૂઢિપ્રયોગો, કહેવતો, શબ્દસમૂહ માટે એક શબ્દ, પર્યાયવાચી કોશ વગેરે કોશોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેના રમત એટલે કે ગેઇમ વિભાગમાં ક્રૉસવર્ડ, ક્વિક ક્વિઝ, ઉખાણાં, સામાન્ય જ્ઞાનની પ્રશ્નોત્તરી, વર્ડ-સર્ચ, વર્ડ-મૅચ, જમ્બલ ફમ્બલ વગેરે જેવી વિવિધ રમતો રમી શકો છો અને રમતાં રમતાં ગુજરાતી ભાષાના શબ્દો અને તેના અર્થ જાણી શકો છો.

દરરોજ ૫૦૦૦થી ૬૦૦૦ લોકો આ વેબસાઇટની મુલાકાત લે છે. છેલ્લા એક માસમાં રોજના મુલાકાતીઓ ઉપરાંત ૧,૭૫,૦૦૦ જેટલા નવા મુલાકાતીઓએ આ વેબસાઇટની મુલાકાત લીધી છે. ગુજરાતી લૅક્સિકન વેબસાઇટની મુલાકાત ભારત ઉપરાંત અમેરિકા, કૅનેડા, યુનાઇટેડ કિંગ્ડમ, ઑસ્ટ્રેલિયા, યુએઈ, જર્મની, સિંગાપોર, ન્યૂઝીલૅન્ડ, કેન્યા, નેધરલૅન્ડ, ચીન, ફ્રાંસ, સાઉદી અરબ, જાપાન, સીડની, ઓમાન, તાન્ઝાનિયા, સ્પેન, કુવૈત, ઇન્ડોનેશિયા, કતાર, યુગાન્ડા વગેરે દેશોમાંથી લેવામાં આવે છે. અત્યાર સુધીમાં સાડા ચાર કરોડથી વધુ લોકોએ આનો ઉપયોગ કર્યો છે. હવે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ લૅક્સિકનના પ્રસાર-પ્રચાર અને ઉત્કર્ષના કાર્યમાં સહભાગી બન્યું છે અને વિશ્વકોશભવનમાં એનું કાર્ય વ્યાપક સ્તરે શરૂ કરવામાં આવ્યું છે.

# શાંત રેફ્રિજરેટર

ચૈત્ર-વૈશાખની ગરમીમાં ઠંડાં પીણાં અને આઇસક્રીમની યાદ આવે જ. હા, ખોરાકને ઠંડો રાખવાથી તેમાં બૅક્ટેરિયાની વૃદ્ધિ ધીમી થાય છે, અને તેથી ખોરાક જલદી બગડી જતો નથી. રેફ્રિજરેટરનો ઇતિહાસ ફંફોળતાં જાણવા મળે છે કે ૧૮૩૪માં કમ્પ્રેસરવાળા રેફ્રિજરેટરનું પહેલી વખત અવતરણ થયું અને તે ઘરમાં પહોંચ્યું છેક ૧૯૧૩માં! તે સમયે રેફ્રિજરેટર એક એકમ રૂપે નહોતું આવતું. તેનું સ્વરૂપ આજના સ્પ્લિટ એસીની જેમ જુદા જુદા ઘટકોમાં હતું. ૧૯૨૩માં આપણા આજના રેફ્રિજરેટર જેવા 'એક એકમ રેફ્રિજરેટર' રૂપે તે નિર્માણ પામ્યું. કમ્પ્રેસરમાં ફ્રેયોન ગૅસના ઉપયોગ પછી ફ્રીજનું બજાર ખૂબ મોટું થઈ ગયું. ત્યારપછી તો ટૅક્નૉલૉજીનો ઘણો વિકાસ થયો. ફ્રીજનો ઢાંચો જ બદલાઈ ગયો. ફ્રીજના કમ્પ્રેસરમાં તે સમયે વપરાતો ફ્રેયોન વાયુ ઓઝોન સ્તરને પાતળું કરતો હતો જે પર્યાવરણ માટે હાનિકારક છે. સમય જતાં પર્યાવરણ માટે હાનિકારક ફ્રેયોન વાયુને બદલે અન્ય બિનહાનિકારક વાયુઓ વપરાવા લાગ્યા. ઉદાહરણ તરીકે R-600a એટલે કે આઇસોબ્યૂટેન વાયુનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં થવા લાગ્યો. રેફ્રિજરેટર હોય કે પછી ઍરકન્ડિશનર હોય - તેમાં ઉપયોગમાં લેવાતો વાયુ એમોનિયા, ફ્રેયોન, R-600a કે પછી કોઈ પણ હોય - તેનો ઉપયોગ કરીને ઠંડક ઉત્પન્ન કરવાના મૂળભૂત સિદ્ધાંતમાં કશો જ ફેર ન પડ્યો. આપણે જાણીએ છીએ કે જ્યારે દબાણયુક્ત હવા કે પછી વાયુનું દબાણ એકદમ દૂર કરવામાં આવે ત્યારે ઠંડી ઉત્પન્ન થાય છે. યાદ કરો સાઇકલનાં પૈડાંની હવા ભરેલી ટ્યૂબનો વાલ્વ એકદમ ખેંચી લેવાથી શું થતું હતું ? હવા તો બહાર ધસી જ આવતી હતી અને સાથે સાથે વાલ્વની આજુબાજુનો ભાગ પણ થોડો ઠંડો થઈ જતો હતો. ઉત્પન્ન થતી ઠંડીની માત્રાનો આધાર બહાર ધસી આવતા વાયુના પ્રકાર અને તેના પર થતા દબાણના પરિવર્તન પર અવલંબે છે. આમ ફ્રીજ કે એસી(શીતક)એ એક વાયુ અવસ્થા (Gaseous State) પ્રણાલી તરીકે પોતાનો પગદંડો જમાવ્યો.

બીજા વિશ્વયદ્ધના અંત (સપ્ટેમ્બર, ૧૯૪૫) પછી રશિયન (અત્યારે યુક્રેન) ભૌતિકશાસ્ત્ર અબ્રામ લોફ્ફેએ (૧૮૮૦-૧૯૬૦) ધ્યાન દોર્યું કે વીજ-ઉષ્મીય (Thermoelectric) પદાર્થનો ઉપયોગ કરીને Solid State - સંપૂર્ણ ઘન ઘટકોવાળું રેફ્રિજરેટર બનાવી શકાય. આ પ્રકારના શીતકમાં કોઈ પણ ગતિમાન પુરજા ન હોવાથી તેની આવરદા લાંબી હોય છે. સૌપ્રથમ તો અહીં ભૌતિકશાસ્ત્રના ગુણધર્મ 'વીજ-ઉષ્મીય અસર' એટલે કે થર્મોઇલેક્ટ્રિક ઇફેક્ટની વાત કરી લઈએ. આ સરળ વાતને વધુ સહેલાઈથી સમજવા માટે સાથે આપેલી આકૃતિ પર એક દૃષ્ટિ નાખી લેવા વિનંતી છે. જુદા જુદા પ્રકારની બે વિશિષ્ટ ધાતુઓના (સુવાહક પદાર્થો) યુગ્મમાં જ્યારે વીજ-




પ્રવાહનો સંચાર થાય છે ત્યારે યુગ્મનો એક છેડો ગરમ થાય છે અને બીજો છેડો ઠંડો થાય છે. આ પ્રકારના યુગ્મને થર્મોકપલ-ઉષ્મીયયુગ્મ તરીકે ઓળખવામાં આવે છે. થર્મોકપલ-ઉષ્મીયયુગ્મના માધ્યમથી વીજદાબનું તાપમાનના તફાવતમાં થતું પરાવર્તન થર્મોઇલેક્ટ્રિક ઇફેક્ટ તરીકે ઓળખાય છે. તેની પ્રતિઅસરને કંઈક આ રીતે સમજી શકાય : 'જ્યારે થર્મોકપલના બે છેડા પર તાપમાનનો તફાવત ઉત્પન્ન થાય છે ત્યારે યુગ્મમાં વીજસંચાર થાય છે'. આ અસરને ઓળખવામાં વિજ્ઞાનીઓએ આપેલા પ્રદાનને બિરદાવવા તે સીબેક (Seebeck) અસર, પેલ્ટિયર અસર અને થોમસન અસર તરીકે જાણીતી થઈ. આ બધી જ અસરો એકબીજા સાથે સંકળાયેલી છે. પદાર્થના આ સરળ ગુણધર્મનો ઉપયોગ કરીને રેફ્રિજરેટર વિકસાવવા માટે વિશ્વના મોટા ઉદ્યોગગૃહોએ કમર કસી. આ માટે જુદા જુદા પદાર્થો અજમાવવામાં આવ્યા. તેની આડપેદાશ રૂપે નાના અને સુવાહ્ય શીતક મળતા થયા. અરે! અંતરીક્ષમથક પર અવાજ ન કરે તેવા રેફ્રિજરેટરની જરૂરિયાત પણ તેણે સંતોષી. પરંતુ આપણા રસોડામાં અવાજ કરતા ફ્રીજને સ્થાને આ શાંત ફ્રીજનું આગમન દૂર ભાસતું હતું. છેલ્લાં સાઠ વર્ષોથી બિસ્મથ-ટેલ્લુરાઇડ નામના સુવાહકોએ આ ઉપયોગ માટે અડ્ડો જમાવ્યો હતો અને આજે પણ તેની બોલબાલા છે.

એન્જિનિયરિંગ ક્ષેત્રે બહુદિશ વિકાસ થવા લાગ્યો. જુદી જુદી સામગ્રી (પદાર્થ) ઉપલબ્ધ થવા લાગી. સાથે સાથે ૧૯૯૦ પછી શાંત ફ્રીજ વિકસાવવાના પ્રયત્નો વધુ તેજ બનવા લાગ્યા. અત્યાર સુધી ફક્ત બે જ પદાર્થના યુગ્મ પર પ્રયોગો કરવામાં આવતા હતા. આ ઘરેડમાંથી બહાર નીકળીને ત્રણ, ચાર કે પાંચ જુદા જુદા પદાર્થોના થર્મોકપલ અજમાવવામાં આવ્યા. છેલ્લા બે દાયકામાં તો આ માટે પૉલિમર ફિલ્મ પણ વિકસાવવામાં આવી.

આ પ્રકારના ફ્રીજમાં ઠંડક મેળવવા માટે વીજળીનો ઉપયોગ થાય છે. અત્યારના શીતકમાં પણ વીજળી તો વપરાય જ છે પણ ઠંડક મેળવવા માટે ખાસ પ્રકારના વાયુનો

ઉપયોગ થાય છે. આપણે જે ફ્રીજની ચર્ચા કરી રહ્યા છીએ તેમાં ઠંડક (અથવા તો ઉષ્મા) મેળવવાની માત્રાનો આધાર ડિવાઇસમાં વહેતા વીજપ્રવાહ પર અવલંબે છે. આમ તે વીજપ્રવાહનું નિયમન કરીને મેળવાતી ઠંડકનું પણ નિયમન કરી શકાય છે. તેમાં કોઈ જ ચલિત (Moving) ઘટક ન હોવાથી તે વધુ ભરોસાપાત્ર બની રહે છે અને ઉપભોક્તાનો સંતોષ મેળવે છે. પારંપરિક ફ્રીજમાં વપરાતા વાયુ પર્યાવરણને હાનિ પહોંચાડે છે. પર્યાવરણ માટે સલામત ગૅસનો ઉપયોગ કરવા જતાં ફ્રીજની કિંમત વધી જાય છે. આ સમસ્યાથી મુક્તિ અપાવે છે આ આધુનિક ફ્રીજ. તે ૧ વૉટ જેટલું નાનું ફ્રીજ હોય કે ૧ કિલોવૉટનું ફ્રીજ હોય - બંનેમાં વપરાતા ઘટકો સમાન હોય છે. તેને કારણે તેના ઉત્પાદનમાં અને સંરચનામાં સરળતા રહે છે અને સરવાળે તે કિફાયત બને છે.

સામાન્ય ફ્રીજમાં બધે જ એકસરખું તાપમાન રાખવામાં આવે છે. અલબત્ત, તેમાં બરફ બનાવવા માટે પણ એક ખાસ જગ્યા હોય છે. સૉલિડ સ્ટેટ ફ્રીજમાં ચોક્કસ જગ્યાઓએ ઠંડકનું નિયમન કરવામાં આવે છે. તેમાં એક જગ્યાએ ઠંડી ઉત્પન્ન કરી સમગ્ર ફ્રીજની અંદર ફેલાવવા કરતાં ઠંડીને વિતરિત રીતે ઉત્પન્ન કરવામાં આવે છે. આ કારણે ફ્રીજની કાર્યક્ષમતા વધે છે. આમ આજના પંચતારક ફ્રીજ કરતાં પણ આ શાંત ફ્રીજ વધુ કાર્યક્ષમ બની રહેશે. સૉલિડ સ્ટેટ ફ્રીજનો વ્યાપ વધતાં અને સરળતાથી આ પ્રકારનાં મોટાં ફ્રીજ ઉપલબ્ધ થતાં ફ્રીજ માટેની કાર્યક્ષમતાના માપદંડને પુનઃ રચવા પડશે. હા, થર્મોકપલનો એક છેડો ગરમ થતો હોય છે અને બીજો ઠંડો. કયો છેડો ગરમ થાય અને કયો ઠંડો થાય તેનો આધાર તેમાં વહેતા વીજપ્રવાહની દિશા પર છે. આ પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે એક જ ડિવાઇસ ગરમી અને ઠંડી બન્ને ઉત્પન્ન કરવા માટે ઉપયોગમાં લઈ શકાય. આ માટે તેમાં વહેતા વીજપ્રવાહની ફક્ત દિશા જ બદલવી પડે. આ વાતને વ્યવહારુ રૂપે જોઈએ તો ભવિષ્યમાં શિયાળા માટે હીટર અને ઉનાળા માટે એસી - એમ બે અલગ અલગ સાધનોની જરૂર નહીં રહે.

આજે મળતાં કેટલાંક એસીમાં હીટર અંદર જ ગોઠવેલું હોય છે જેથી એક જ સાધનમાંથી ઠંડી અને ગરમ હવા - બંને મળે તેવો ભાસ થાય છે. પણ સૉલિડ સ્ટેટ એસી - ખરેખર એક જ સાધન - ઠંડી અને ગરમી બંને આપશે. આ રીતે ઘર-ઉપયોગી એક સરળ સાધન ઉપલબ્ધ થશે. અહીં તાપમાનનો આધાર થર્મોકપલમાં વહેતા પ્રવાહની માત્રા પર અવલંબિત હોવાથી તેનું ખૂબ જ સચોટપણે નિયમન કરી શકાય છે. કોઈ પણ સ્થિતિમાં ગોઠવી શકાતા આ શાંત ફ્રીજ, કહો કે ઠંડું કરવાની ડિવાઇસના અનેક ઉપયોગો છે.

હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, લડાખ જેવા ઠંડા પ્રદેશોમાં, શિયાળામાં રાત્રે ગરમી મેળવવા માટે આખા ઓરડાને ગરમ કરવાને બદલે ગાદલાં અને રજાઈને ગરમ રાખવામાં આવે છે. અહીં થર્મોકપલનો ઉપયોગ ખૂબ જ સારી રીતે થઈ શકે. આ લેખમાં આપણે આગળ જોયું તેમ નજીવા ફેરફારથી ગરમ રજાઈ ઠંડી પણ થઈ શકે. કારમાં કે ઑફિસમાં જ્યાં જગ્યાની તંગી હોય અને થોડી વસ્તુઓ ઠંડી રાખવાની હોય ત્યાં આ પ્રકારનાં ફ્રીજ લોકપ્રિય થતાં જાય છે. છેલ્લાં થોડાં વર્ષોથી કમ્પ્યૂટર શક્તિશાળી

બનતું જાય છે અને બૅટરીથી ચાલતાં સાધનોનો વ્યાપ વધતો જાય છે. કમ્પ્યૂટરના CPUને કાર્યક્ષમ રીતે કામ કરતું રાખવા માટે અને બૅટરીની આવરદા વધારવા માટે તેના તાપમાનનું નિયમન કરવું જરૂરી છે. આ માટે થર્મોકપલ યોગ્ય ડિવાઇસ પુરવાર થાય છે. થોડા વખત પહેલાં એક ટીવી કાર્યક્રમમાં ઠંડી બેઠકવાળા સોફા દર્શાવવામાં આવ્યા હતા. તેમાં પારંપરિક ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અહીં થર્મોકપલનો ઉપયોગ કરી તેને વધુ કાર્યક્ષમ બનાવી શકાય. આ વિચારને થોડો આગળ વધારીએ. ઘણી વખત સિનેમાગૃહમાં ફક્ત પચીસ ટકા જ પ્રેક્ષકો હોય છે. થોડા પ્રેક્ષકો માટે સિનેમાગૃહના વિશાળ કદને ઠંડું કરવું પડે છે જેમાં ઊર્જા અને ધનનો વ્યય થાય છે. હવે, સિનેમાગૃહની દરેક બેઠક સાથે થર્મોકપલ અને સંવેદકો સંલગ્ન કરવાથી જે બેઠક પર પ્રેક્ષક બેઠો હોય તે બેઠક અને તેની આસપાસનું વાતાવરણ જ ઠંડું કરી શકાશે. અરે ! ભવિષ્યમાં ઉનાળામાં ઠંડક આપતા અને શિયાળામાં હૂંફ આપતા થર્મોકપલયુક્ત પોશાક મળતા થઈ જશે તેમ લાગે છે.

**– ચિંતન ભટ્ટ**

---

## શાંતિની નહીં, આનંદપ્રાપ્તિની શોધ

એમ કહેવાય છે કે વ્યસ્ત, ગ્રસ્ત અને ત્રસ્ત જીવનના જ્વાળામુખી પર બેઠેલો માનવી સદૈવ શાંતિના શાંત મહાસાગરની ખોજ કરતો હોય છે – એમ કહ્યું છે કે માનવીનું જીવનધ્યેય છે શાંતિની પ્રાપ્તિ, પરંતુ તે સાચું નથી.

માનવીની ખોજ શાંતિ માટે હોવી જોઈએ નહીં. શાંતિ એ એક નિષ્ક્રિય અવસ્થા છે. અશાંત અવસ્થાના અભાવને શાંતિમાં ખપાવીએ છીએ. આવી શાંત વ્યક્તિનું ચિત્ત સરોવરના પાણીની માફક સ્થિર કે સ્થિતિસ્થાપક હોય છે. આવી શાંતિ માનવીને આશાવાદી કે ઉત્સાહવર્ધક બનાવવાને બદલે ઘણી વાર નિરાશ અને ઉદાસીન બનાવી દે છે. કોઈ નવીન કાર્ય કે સાહસનો પ્રારંભ કરવાને બદલે પલાંઠી મારીને બેસી રહેવું વધુ પસંદ કરે છે. આવી શાંતિમાં સર્જનનો અભાવ હોય છે.

જિંદગીમાં સાચી શોધ તો આનંદપ્રાપ્તિની છે, કારણ કે આનંદ વિધેયાત્મક છે, આશા અને ઉત્સાહનો સંચાર કરનારો છે અને તેથી સાચો આનંદ પ્રગટતાં અશાંતિની સઘળી શક્યતાઓ આથમી જાય છે. શાંતિ એ જીવનની નકારાત્મક બાજુ છે, જ્યારે આનંદ એ જીવનનું સર્જનાત્મક પાસું છે, આથી માનવીની ખોજ શાંતિને બદલે આનંદની હોવી જોઈએ. સરોવરના શાંત, સ્થિર અને બંધિયાર જળને બદલે પર્વત પરથી કલકલ નાદે રૂમઝૂમ વહેતા પ્રસન્ન ઝરણાની હોવી જોઈએ. શાંતિ ઇચ્છતો માનવી ઘણી વાર પોતાના જીવન પર નિષ્ક્રિયતાનો બુરખો નાખી દે છે. આવી નકારાત્મકતા એ અકર્મણ્યતાની જનની છે, એના જીવનમાં શાંતિની વાત જવાબદારીથી ભાગવાનું બહાનું બની જાય છે. જ્યારે આનંદની ખોજમાં નીકળેલો માનવી આગેકૂચ કરીને નવી ક્ષિતિજો ઉઘાડવા પ્રયાસ કરે છે અને એનો એ પ્રયાસ જ એના જીવનને ચેતનથી તરવરતું અને સ્ફૂર્તિવંત બનાવે છે.

પ્રકલ્પ

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા અસ્મિતા વિશેષ સંવાદ વિશે

## (૧) નિરંજનાબહેન કલાર્થી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ અને સંતુલન, રાજકોટના સંયુક્ત ઉપક્રમે આયોજિત વિશેષ પ્રકલ્પ તે 'અસ્મિતા વિશેષ સંવાદ.' આ સંવાદના પાંચમા મણકામાં આપણે સંવાદ કરીશું સરદાર પટેલની આંગળી પકડીને બાળપણ વિતાવનાર અને છેલ્લાં સાઠ વર્ષોથી દૂર-સુદૂરની આદિવાસી દીકરીઓનાં જીવનમાં શિક્ષણનો દીવો પ્રગટાવનાર નારીરત્ન શ્રી નિરંજનાબહેન કલાર્થી સાથે. ત્યાસી વર્ષે અડીખમ અને આત્મવિશ્વાસથી ભરપૂર અવાજની બુલંદી સાથે નિરંજનાબહેનને મળીએ તો એક આખો યુગ આપણી સામે ખડો થઈ જાય. તેઓની વાતોને કાન દઈને માણીએ.

આજે શરૂઆત મારા બાળપણની વાતથી કરવાની છે એ મને બહુ ગમ્યું. મારું બાળપણ સ્વરાજ આશ્રમ, બારડોલીમાં ગયું. મારું બાળપણ બહુ સમૃદ્ધ રહ્યું, કારણ એ છે કે બહુ સરસ વ્યક્તિઓની વચ્ચે ગયું. આથી તેની આ વાત કહેવાનો આનંદ થાય છે. જે અહિંસાની પ્રયોગભૂમિ કહેવાય છે તે બારડોલી ખાતે સ્વરાજ આશ્રમમાં સરદાર વલ્લભભાઈ પટેલને 'સરદાર' નામ મળ્યું અને અમને એમની સાથે કેવી રીતે રમવાનું મળ્યું, એ પણ ઇતિહાસ છે. મારાં માતા સંતોકબહેન શાહ અને મારા પિતા ઉત્તમચંદ શાહ. એમણે પોતાની જિંદગી આ આશ્રમને સમર્પિત કરી, કારણ કે સત્યાગ્રહમાં એમણે એટલું સરસ કામ કર્યું કે સરદારસાહેબને એમ થયું કે આ સ્વરાજ માટે નીકળેલા લોકો જો એક જ જગ્યાએ વસે, તો એક આશ્રમ બનાવી દેવાય. આવા સ્વરાજ માટે ભેગા થયેલા લોકોને વસવા માટેનું એમણે જે સ્થળ બનાવ્યું તે સ્વરાજ આશ્રમ. ૧૯૨૮ના સત્યાગ્રહ પછી મારાં માતા-પિતા અહીંયાં સ્થિર થયાં. બંને સ્વતંત્રતા કાજે સેનાની બન્યાં અને અનેક લોકોના સંપર્કમાં આવ્યાં. બારડોલી એવી ભૂમિ કે જ્યાં સુભાષચંદ્ર બોઝ, સરદાર વલ્લભભાઈ પટેલ, મૌલાના અબુલ કલામ આઝાદ અને આપણા પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુ આવતા હતા. એમની સાથે ગાઢ દોસ્તી થઈ ગયેલી. અહીં મારાં મા અને પિતાજી વસ્યાં. ૧૯૩૯માં ૧૭ ઑક્ટોબરે વહેલી સવારે મારાં મા-બાપના સૌથી નાના સંતાન તરીકે મંજુબહેનના હાથે મારો



જન્મ થયો. કિશોરલાલ ઘનશ્યામ મશરૂવાળા, જે મહાત્મા ગાંધીના અંતેવાસી અને જેમણે ‘અનાસક્તિયોગ’ નામનું ગીતાનું બહુ જ સુંદર પુસ્તક લખ્યું, તેમની ભત્રીજી મંજુબહેન કે જેમણે પોતાનું સમગ્ર જીવન ડૉક્ટર તરીકે બારડોલી સ્વરાજ આશ્રમને અને આજુબાજુના પ્રદેશને સમર્પી દીધી હતું. મંજુબહેનને જ સૌથી નાની છોકરી છે એટલે નિરંજના જેવું મોટું નામ નહીં પણ એનું નામ ‘નાની’ જ આપો એમ કહ્યું અને પછી મને ‘નાની’ના નામથી જ બધા ઓળખતા થયા. આવી વિરલ જગ્યા ઉપર મને જન્મવાનું મળ્યું અને મારા બાળપણની શરૂઆત ત્યાંથી થઈ.

કદાચ આપણે સુન્દરમ્‌ની કડી યાદ કરીએ :

‘ગૂર્જરીના ગૃહકુંજે અમારું જીવન ગુંજે ગુંજે, આંખ અમારી ખૂલી અહીં પહેલી,
પગલી ભરી અહીં પહેલી, અહીં અમારા યૌવન કેરી વાદળીઓ વરસેલી’

આવા સરસ સ્થાન પર મારો જન્મ અને ઉછેર થયો. હવે આ સંકુલમાં સરદારસાહેબે એમને અતિ પ્રિય જગ્યાએ એમને માટે રહેવાનું એક સ્થળ બાંધ્યું અને એને પાછળથી નામ આપ્યું ‘સરદારનું નિવાસસ્થાન’. અહીં એમની સાથે જ્યારે જ્યારે સમય મળે ત્યારે ફરવાનું, રમવાનું અને ફળો ખાવાનું બહુ બન્યું. આ સમૃદ્ધ બાળપણમાં સરદારસાહેબને કારણે અનેક મહાન લોકોનો પરિચય થયો.

ઉત્તમચંદભાઈનું ઘમણાદ ગામ એટલે ભરૂચ જિલ્લાનું અંદરનું ગામ. ગામમાં ભણેલો એક જ છોકરો અને તે કુટુંબે જૈન. એમના કુટુંબે એને મુંબઈ ભણવા મૂકવાનું નક્કી કર્યું. એ અમદાવાદ ભણીને આવ્યા એટલે પછી મુંબઈની વિલ્સન કૉલેજમાં ભણવા માટે મૂક્યા. એ સમયે તિલક મહારાજનું ૧લી ઑગસ્ટે મૃત્યુ થયું. ચોપાટી પર એમને અગ્નિદાહ આપવા આવ્યો અને એમાં મહાત્મા ગાંધી પણ જોડાયા કે ત્રણ કાંધ જો ચિત્તપાવન બ્રાહ્મણ આપે, તો હું પણ એક ચોથો એમને એક કાંધ આપું. આ સમયે મારા પિતાજી કહેતા કે જ્યારે એમને ચોથી કાંધ આપનારા તરીકે કાંધ આપી ત્યારે એમને થયેલું કે આ રાષ્ટ્રની લડતને હવે મારે પણ કાંધ આપવાની જરૂર છે. પિતાજી એમને અગ્નિદાહ આપવા માટે તૈયાર થયા, ત્યારે આ કૉલેજના અંગ્રેજ આચાર્ય કહે, ‘અમારી વિરુદ્ધ વર્તનારા સાથે તમારા લોકોથી નહીં જવાય.’ પણ એમણે હિંમત કરી અને પાંચ યુવાનો અગ્નિદાહમાં જોડાયા. ત્યારે મહાત્મા ગાંધીએ સ્વરાજ વિશેની લડતની વાત કરી, એ એમના મનમાં એકદમ ઠસી ગઈ. એટલે એમણે જૈન મહાવિદ્યાલયમાં રહેતા હતા, ત્યાંથી વિદાય લીધી, એ કૉલેજમાંથી પણ વિદાય લઈ લીધી, ભણવાનું છોડી દીધું અને મુંબઈથી સીધી ટિકિટ કાઢીને અમદાવાદ સાબરમતી આશ્રમમાં પહોંચી ગયા. અહીં મહાત્મા ગાંધી ઊભા હતા. એમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કીધું, ‘બાપુ, હવે હું આ રાષ્ટ્રની લડતમાં તમારી સાથે જોડાઈ જાઉં છું’, ગાંધીજીએ કહ્યું, ‘ઘરે ખબર આપી કે બેટા એમ જ આવી ગયો ?’ તો કહે : ‘ઘરે તો ખબર નથી આપી’, તો કહે, ‘આપો પહેલાં.’ ઘરે જેવી ખબર આપી એટલે ઘરેથી કીધું : ‘પિતૃસંપત્તિમાં તને ભાગ નહીં મળે. તારે જે કરવું હોય તે કર. છોડી દે આ બધી વાતો.’ પિતાનું કુટુંબ બહુ સંપન્ન. બહુ મોટા જમીનદારો, કાપડના વેપારીઓ

અને જૈન એટલે દુકાન ખોલવી જ પડે એટલે એ પણ ખોલી હતી. એમણે કહ્યું કે ૧૨૦૦ એકર જમીન છે, તને વારસામાં ૪૦૦ એકર જમીન મળે એવું છે, તને સાડા ચાર કિલો ચાંદી અને ઘણું સોનું મળે એમ છે, તું છોડી દે ગાંધીમાર્ગ.. અનેક લાભ ને લોભ આપ્યા, પણ એમણે કાગળમાં લખી આપ્યું કે, 'મારે પિતૃસંપત્તિમાંથી કશું જ જોઈતું નથી' અને તરત જ બાપુને રસ્તે એ લાગી ગયા.

**(૨) શ્રી ચંદ્રકાન્ત શેઠ**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ અને સંતુલન, રાજકોટના સંયુક્ત ઉપક્રમે વિશેષ પ્રકલ્પ તે 'અસ્મિતા વિશેષ સંવાદ'. આ સંવાદના છઠ્ઠા મણકામાં આપણે મળીશું સાદ્યન્ત પ્રાધ્યાપક, કવિ, વિવેચક અને વિશ્વકોશ ટ્રસ્ટની પાયાની પ્રવૃત્તિઓ સાથે છેલ્લાં ત્રેવીસ વર્ષોથી અવિરત કાર્યરત શ્રી ચંદ્રકાન્ત શેઠને. આમ તો શ્રી ચંદ્રકાન્ત શેઠને આપણે વિશ્વકોશના કોઈ પણ કાર્યક્રમના આરંભે અવશ્ય મળીએ છીએ, કારણ વિશ્વકોશનું મીઠું-મધુરું અને ગૌરવપૂર્ણ સંસ્થા-ગીત - 'અહીં જ્ઞાનયજ્ઞ સૌ કરે' - ના રચયિતા તે ચંદ્રકાન્ત શેઠ. ધીર, ગંભીર અને શબ્દે પૂરા સ્પષ્ટ શ્રી ચંદ્રકાન્તભાઈ સાથેનો સંવાદ આપણને જીવનસાફલ્યમાં સરળતા છતાં મક્કમતા કેવો ફાળો આપે છે, તેનો ખ્યાલ આપશે.

શેઠસાહેબ દિલથી પોતાનું બાળપણ વાગોળતાં સંવાદના આરંભે કહે છે કે, બાળપણ એ કોઈના પણ માટે યાદગાર હોય છે. આપણા જીવનનો ઉત્તમમાં ઉત્તમ જો સમય હોય તો એ બાળપણ છે. કોઈએ બાળપણનો દ્રોહ કર્યો હોય એવો કોઈ મહાપુરુષ મને દેખાયો નથી અને કદાચ બાળપણ જ નક્કી કરી દે છે કે માણસ કેવા પ્રકારનો બનવાનો છે. મેં તો એક નિરીક્ષણ કર્યું છે અને મારા મિત્રોએ પણ કહ્યું હતું કે કેટલા બધા કવિઓ, સર્જકો ગામડાંમાંથી આવે છે ! એ નગરમાં જ હોય અને નગરકર્મી તરીકે બહાર આવ્યા હોય તો નિરંજન ભગત જેવા અને એવા પણ પ્રમાણમાં ઓછા છે, પણ મોટા ભાગના કવિઓ ગામડાંમાંથી આવ્યા છે અને પછી શહેરમાં સ્થિર થયા હોય. જે ગામડું મેં જોયું છે અને મેં જેનો અનુભવ કર્યો છે એ આજે રોમેરોમ વ્યાપ્ત છે. આજે પણ હું કહી શકું કે ગામડાંએ મને છોડ્યો નથી. ગામડું મારામાંથી છૂટતું જ નથી, જતું જ નથી. અનેક વર્ષો પછી જ્યારે હું મોટર લઈને ગામડે ખાસ જોવા માટે ગયો હતો, મને રસ્તો જ ન મળે ગામડાનો !! એટલો બધો અર્બનાઈઝેશનનો પ્રવાહ એ ગામડાંઓને ફરી વળ્યો છે અને એને કારણે જે પરિસ્થિતિ ઊભી થઈ છે તેથી ગામડું હવે એની પહેલાંની અસલિયત ગુમાવી દેશે એવી બીક લાગે છે. અમને એ ગામડાની અસલિયતનો લાભ મળ્યો છે અને એમાં એની પ્રકૃતિ, ધાર્મિક અને સામાજિક પરંપરા, કૌટુંબિક પરંપરા — આ બધી પરંપરાઓએ જે રીતે અમને તૈયાર કર્યા, એની એક બહુ મોટી અસર છે. કેવા સાહેબો હતા, કેવા પડોશીઓ હતા, આજુબાજુમાં જે વેપારીઓ હોય કે કામ કરનારા મજૂરો હોય એ બધાની સાથે કેવો સંવાદ હતો! મનુષ્યના જ્ઞાનની સાથે જે સંવાદ રહેવો જોઈએ, એ સંવાદ આપણે ટકાવી શક્યા નથી.

પંચમહાલ જિલ્લાના કાલોલમાં ૩ ફેબ્રુઆરી, ૧૯૩૮ના રોજ મારો જન્મ. કહેવામાં આવે છે કે જ્યારે હું જન્મ્યો ત્યારે મારી માને ડાબા અંગમાં લકવો થયેલો. એટલે મને




એમ કહેવામાં આવ્યું છે કે હું આખા ગામને ધાવીને મોટો થયો. દૂધ ને એવું બધું જૂના જમાનામાં તો મળે નહીં. હું જન્મ્યો પછી વધારે સ્મૃતિ નથી. પછી એમ પણ કહેવામાં આવે છે કે તે સમયે ધરતીકંપ થયેલો અને એ વખતે મને ઘોડિયામાં રાખેલો અને બધા મને ભૂલીને બહાર નીકળી ગયેલા. પછી યાદ આવ્યું એટલે મને લઈ ગયા, આવી બધી વાતો છે. મારા પિતા રેવન્યૂ ખાતામાં એટલે મોટે ભાગે બદલીઓ થતી. હું દાહોદમાં કેટલોક વખત રહ્યો છું. મને હજી એનું સ્મરણ છે. સાહિત્ય અકાદમી, દિલ્હીએ  ઍવૉર્ડ આપેલો છે તે 'ધૂળમાંની પગલીઓ'માં મેં કેટલીક વાત વિગતે કરી છે. હાલોલ જિલ્લો એટલે પાવાગઢ એમ કહેવાય છે. એનાથી લગભગ ત્રણ માઈલ દૂર છે. પાવાગઢનો તો મને ભરપૂર અનુભવ છે. અત્યારનો પાવાગઢ એ તો જુદો છે. આજનો પાવાગઢ નહીં, અમારો જૂનો પાવાગઢ. જ્યારે બસ પણ નહોતી જતી, કશું જતું નહોતું અને ત્યારે ઉડનખટોલા પણ નહોતું ત્યારે જે પાવાગઢની મજા હતી અને પાવાગઢનું જે ઐતિહાસિક મહત્ત્વ વર્તાતું, એનો અનુભવ અદ્ભુત હતો. મેં પાવાગઢને તો જુદી જુદી ઋતુમાં જોયો છે – વરસાદમાં, શિયાળામાં, ઉનાળામાં. અહીં પ્રકૃતિનું સૌંદર્ય સમયે સમયે આકાર પામતું હોય છે, એનો તો ભરપૂર અનુભવ અમને છે. હાલોલમાં બાળમંદિરમાં ભણતો, પણ ભણવાનું તે વખતે બહુ ગમતું નહોતું એટલે મને ખેંચીને લઈ જતા. પછી પ્રાથમિક શાળાનું શિક્ષણ કંજરી, જે હાલોલથી બરાબર બે માઈલ દૂર. કંજરીમાં મહાજન સાર્વજનિક હાઈસ્કૂલમાં ભણ્યો ત્યાં જ મેં પછીથી શિક્ષક તરીકે કામ પણ કરેલું. એ જ સ્કૂલમાં જયંત પાઠક, રમણ  પાઠક આ બધાએ પણ કામ કરેલું એટલે એ લોકોના  વિદાય સમારંભમાં હું વિદ્યાર્થી તરીકે હાજર હતો તે મને યાદ છે. જે સ્કૂલમાં હું ભણ્યો હતો, એ જ સ્કૂલમાં આઠ મહિના માટે શિક્ષક તરીક નોકરી કરવા ગયો. એ સમયે તો  હું પૈસા ભેગા કરું અને પછી આગળ ભણું, એવું કરવું પડતું. હું એ પણ કહું કે મેં એસ.એસ.સી. પછી એક પણ પૈસો મારા ઘરનો વાપર્યો નથી. મેં જે કંઈ પૈસા વાપર્યા છે, એ બધા મેં પાછા આપી દીધા છે એટલે હું લગભગ એસ.એસ.સી.થી સ્વાવલંબી હતો. આ જે નિશાળ છે એ ઘરથી બે માઈલ દૂર એટલે અમને પ્રકૃતિનો ભરપૂર અનુભવ. વચ્ચે વેળો હતો, એટલે વરસાદ આવે ત્યારે ઓળંગી પણ ના શકીએ. એટલે કોઈ વડીલો આવે અને અમને લઈ જાય. પણ આ બધાનો અનુભવ એટલો બધો કામ લાગ્યો છે. હા, કવિતામાં તો કામ લાગ્યો જ, પણ બીજી રીતે પણ કામ લાગ્યો. હું ત્યારથી માનતો થયો છું કે, જીવનમાં  માણસને પ્રકૃતિથી વંચિત રાખવો એનાથી મોટો ગુનો કોઈ નથી અને એ ગુનો કદી ન કરાય. માણસ પ્રકૃતિનો જ ભાગ છે, એ કદી ભૂલવું ન જોઈએ.

**– સંકલન : ભદ્રાયુ વછરાજાની**

**ટેક્‌નોલોજી**

# ટ્રાફિકની સમસ્યાની વહારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ

દુનિયાભરમાં ટ્રાફિકની સમસ્યા સૌથી મોટો મુદ્દો અને કોયડો બનતો જાય છે અને તેના ઉપાયો શોધવા માટે વર્ષે અબજો રૂપિયા ખર્ચાય છે, પરંતુ એનો સચોટ ઉપાય મળતો નથી. વિજ્ઞાન-ટૅક્‌નૉલૉજીએ આપણી જીવનશૈલીને સદંતર બદલી નાખી છે. એ જ વિજ્ઞાન અને ટૅક્‌નૉલૉજી આપણને ટ્રાફિકની સમસ્યામાંથી રાહત આપશે એવી આશા દર વર્ષે ઊજળી બનતી જાય છે. છેલ્લાં થોડાંક વર્ષોથી થયેલાં સંશોધનોએ ફરી નવી આશા જન્માવી છે. એમાં સૌથી પહેલાં વાત કરીએ સમય બચાવતી સિસ્ટમ સ્માર્ટ સિગ્નલની.

અત્યારે ભારતમાં જ નહીં, દુનિયાભરમાં રેડ-ગ્રીન સિગ્નલમાં ઑટોટાઈમર સેટ કરવામાં આવે છે. સામાન્ય રીતે એક તરફનું સિગ્નલ ૨૦થી ૩૦ સેકન્ડ માટે ખુલ્લું થાય છે, પરંતુ હવે ઘણાં નાનાં શહેરોમાં સ્માર્ટ સિગ્નલના પ્રયોગો શરૂ થયા છે. એમાં વિસ્તાર પ્રમાણે ટ્રાફિકનો ડેટા એકઠો કરીને થોડીક સેકન્ડમાં સિગ્નલનો સમયગાળો બદલવામાં આવે છે. જે બાજુથી વધારે વાહનો આવવા માંડે, એ તરફના સિગ્નલનો સમયગાળો વધી જાય અને જે તરફથી ઓછાં વાહનો આવતાં હોય, એ તરફના સિગ્નલનો સમયગાળો ઘટી જાય. એને કારણે આગળના રસ્તાઓમાં ટ્રાફિક વધતો નથી. એના માટે કૅમેરાની એક આખી ચૅનલ ગોઠવીને તેના ડેટાનું ઑટોઍનાલિસિસ થતું રહે છે.

મોડી રાત્રે મોટાં શહેરોમાં ઘણી વખત એવું જોવા મળતું હોય છે કે એક તરફનું સિગ્નલ ચાલુ હોય, તોય વાહનો નથી હોતાં અને એ જ વખતે બીજી તરફનું સિગ્નલ બંધ હોય એટલે કારણ વગર વાહનચાલકોને રોકાઈ રહેવું પડે છે. ઑટોસિસ્ટમ સેટ થયેલી હોવાથી તેમાં તત્કાળ ફેરફાર શક્ય બનતો નથી, પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આધારે જો ડેટા ઍનાલિસિસ થાય, તો વધારે ટ્રાફિક ધરાવતા ટ્રાફિક પૉઈન્ટ ઉપર આપમેળે વાહનચાલકોને ગ્રીન સિગ્નલ મળી રહે છે. તેના કારણે સમયનો પણ બચાવ થાય છે અને ટ્રાફિક પણ નિયમિત થાય છે.

વળી, ટ્રાફિક પૉઈન્ટ ઉપર એવી ગ્રીન-રેડ નિશાની પણ દેખાશે કે જેના આધારે ઓછા ટ્રાફિકવાળો રૂટ પસંદ કરી શકાય. કઈ તરફ જવું જોઈએ અને કઈ તરફ ન જવું એ નિર્દેશ ટ્રાફિક પૉઈન્ટ પરથી જ મળી રહેશે. તેનાથી નિયત અંતરે પહોંચતાં કદાચ અડધો કિલોમીટર કે કિલોમીટરનો ફેર પડતો હશે, પરંતુ સરવાળે સમય પણ ઘણો બચી જશે.

એવી જ મહત્ત્વની રોડ-માર્કિંગની સ્માર્ટ ટૅક્‌નૉલૉજી પણ આવી ચૂકી છે. નેધરલૅન્ડમાં ચાલતા સ્માર્ટ હાઈવે નામના એક પ્રોજેક્ટમાં સંશોધકોએ સ્માર્ટ રોડલાઇન વિકસાવી



છે. જ્યાં ડિવાઈડર નથી હોતું, ત્યાં સફેદ-પીળા ચળકતા પટ્ટા પાડીને માર્ગના બે ભાગ પાડવામાં આવે છે. બંને બાજુ જ્યાં રોડ પૂરો થતો હોય છે, ત્યાં પણ એવા પટ્ટાથી રસ્તાની મર્યાદા પૂરી થતી હોવાનું સૂચન કરવામાં આવે છે. રોડ-માર્કિંગની આ સિસ્ટમમાં સંશોધકોએ થોડીક સ્માર્ટનેસ ઉમેરી છે. એવી સ્માર્ટ રોડ-વે લાઇન બનાવવામાં સંશોધકોને સફળતા મળી છે કે જે અત્યારની તુલનાએ બહુ ઝડપથી નજરે ચડશે અને વાહનનું પૈડું જેવું વચ્ચેની કે સાઇડની લાઇન ક્રૉસ કરશે કે તરત સિગ્નલ આપશે. કારની સ્ક્રીનમાં સીટબેલ્ટનું એલાર્મ આવે છે, એ જ રીતે લાઇન ક્રૉસનો એલાર્મ બતાવશે. સંશોધકોને આશા છે કે લાઇન ક્રૉસ કરીને રસ્તાની નીચે ઊતરી જવાના બનાવો આ સ્માર્ટ માર્કિંગથી અટકી જશે.

ભારત સહિત દુનિયાભરમાં વીજળીની અછત સર્જાતી રહી છે. દુનિયાભરમાં પાણીની જેમ વીજળી બચાવવાની ઝુંબેશ ચાલે છે. વીજળીની અછત સામે લડતી ટ્રાફિક ટૅક્નિક પણ વિકસી છે. દુનિયાનાં અસંખ્ય શહેરોમાં વીજળીની અછત હોવાથી હાઈવે લાઇટ બંધ હોય છે. વાહનચાલકોને રસ્તામાં લાઇટ મળી રહે, તે માટે નેધરલૅન્ડમાં સફળ પ્રયોગો થયા છે. લાઇટના થાંભલા સાથે એવાં સેન્સર્સ ગોઠવવામાં આવ્યાં છે કે દૂરથી વાહન આવતું જણાય તો લાઇટ ચાલુ થઈ જાય છે. પછી વાહન આવતાં બંધ થાય તો લાઇટ પણ બંધ પડી જાય છે. વળી, એ લાઇટ થાંભલાની ચારે બાજુ લગાવેલા પંખાથી ચાલે છે. હવાથી પંખા ફરે અને પંખાથી વીજળી ઉત્પન્ન થાય એવી વ્યવસ્થા એમાં કરવામાં આવી છે. જ્યાંથી ઓછાં વાહનો પસાર થતાં હોય એવા રસ્તાઓ ઉપર આ ઑટોમૅટિક રોડ-લાઇટ ઉપયોગી થશે.

બેફામ ઝડપને નિયંત્રિત કરતી સ્પીડગન પણ ઉપયોગી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સિસ્ટમ છે. સ્પીડ માપવા માટે કૅમેરા બેઝ્ડ રડાર સિસ્ટમનો ઉપયોગ અત્યાર સુધી થતો આવે છે. હવે ઘણી ટ્રાફિક ફોર્સે લીડાર યાને લાઇટ ડિટેક્શન ઍન્ડ રેન્જિંગ ગનનો ઉપયોગ શરૂ કર્યો છે. તેનાથી વાહનની સ્પીડનો અંદાજ કાચી સેકન્ડમાં આવી જાય

છે અને વળી તેનો ઉપયોગ બહુ જ સરળતાથી ગમે ત્યાં, ગમે ત્યારે થઈ શકે છે. લેસરનો શેરડો મારો કે તરત આવતા-જતા વાહનની સ્પીડનો આંકડો સ્ક્રીન દર્શાવવા લાગશે. ભારતમાં મર્યાદિત શહેરોમાં આ સ્પીડગનનો ઉપયોગ પ્રયોગ પૂરતો છૂટોછવાયો થયો છે. ડીઆરડીઓએ સ્વદેશી સિસ્ટમ બનાવવામાં સફળતા મેળવી છે એટલે થોડાક સમયમાં દેશભરમાં તેનો ઉપયોગ થશે. હિટ ઍન્ડ રનના કેસ અટકાવવા આ ગન ઉપયોગી થઈ પડશે.

રૉંગ સાઇડમાં વાહન ચલાવીને પોતે જોખમમાં પડવું અને બીજાનેય જોખમમાં મૂકવા, એ આપણા દેશમાં સામાન્ય સમસ્યા છે. વિદેશમાં પણ ઉતાવળા વાહનચાલકો માટે આકરાં દંડ-સજાની જોગવાઈ છતાં રૉંગ સાઇડ પર વાહન ચલાવવાનું જોખમ લેતા હોય છે. એવા વાહનચાલકોને ઝડપી લેવા માટે ફ્લોરિડાના ટ્રાફિક ડિપાર્ટમેન્ટે રૉંગ-વે ડિટેક્શન સિસ્ટમ તૈયાર કરી છે. એને રૉંગ-વે એલર્ટ સિસ્ટમ પણ કહે છે. આ ટૅક્નૉલૉજીના ઉપયોગથી અસંખ્ય અકસ્માતો અટકાવી શકાશે એવો દાવો થાય છે, પણ તેને ઉપયોગમાં લેવામાં હજુ ઘણી ક્ષતિઓ દૂર કરવી પડશે. આ ટૅક્નૉલૉજી એવી રીતે કામ કરે છે કે રસ્તા પર ગોઠવાયેલા સેન્સર એક તરફ જતાં વાહનની ગતિ નોંધે છે. જેવું કોઈ વાહન એ રોડ ઉપર અવળી દિશામાં ગતિ કરે કે તુરંત ચેતવણી આપે છે, પરંતુ વાહન રિવર્સમાં લેતી વખતે પણ આ ટૅક્નૉલૉજી ચેતવણી આપે છે. રૉંગ-વે ચેતવણી માટે એવાય પ્રયોગો થઈ રહ્યા છે કે ક્લાઉડની મદદથી વાહન રૉંગ સાઇડમાં જાય છે તેનો અંદાજ લગાવીને વાહનચાલકના રજિસ્ટર નંબરમાં મૅસેજ જાય છે, પરંતુ ભારતમાં આ સિસ્ટમ કાર સિવાયનાં વાહનોમાં લાગુ પાડવી અઘરી છે. ટ્રક-ઑટોરિક્ષા-બસ જેવાં કેટલાંય વાહનોમાં એવી સિસ્ટમ જ હોતી નથી કે તેને ચેતવણી આપી શકાય.

દુનિયાભરના ટ્રાફિક કંટ્રોલના વિષય-નિષ્ણાતો કહે છે કે અકસ્માતો અટકાવવા ટ્રાફિક કંટ્રોલ માટે સ્માર્ટ હાઈવે બનાવવાની ખાસ જરૂર છે. જે રસ્તાઓ અત્યારે કાર્યરત છે, તેને નવી ટૅક્નૉલૉજીથી અપગ્રેડ કરી દેવામાં આવે તો દુનિયામાંથી ૫૦ ટકા રોડ-અકસ્માતો ઘટી જાય તેમ છે. ટ્રાફિક જામની સમસ્યા ૬૦ ટકા સુધી ઘટી જાય તેમ છે. વિહિકલ ટુ વિહિકલ કૉમ્યુનિકેશન ટૅક્નૉલૉજી, વિહિકલ ટુ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કૉમ્યુનિકેશન ટૅક્નૉલૉજી, સ્માર્ટ કૉરિડૉર જેવા કેટલાક નવા વિચારોને ધ્યાનમાં રાખીને નવી નવી ફ્યૂચર ટ્રાફિક ટૅક્નૉલૉજી વિકસી રહી છે. આ સંશોધનોએ આશા જગાવી છે કે એકાદ દશકામાં ટ્રાફિકની સમસ્યા ઘણીખરી હળવી થઈ જશે.

દુનિયામાં જે ઝડપે વાહનોનું ઉત્પાદન થાય છે તે જોતાં હવે સ્માર્ટ ટ્રાફિક ટૅક્નૉલૉજી અનિવાર્ય છે. એક અંદાજ પ્રમાણે દર વર્ષે દુનિયામાં સાતથી આઠ કરોડ નવી કાર બનીને રસ્તાઓ પર દોડતી થાય છે. વાહનોની સંખ્યા વધશે તેમ તેને નિયંત્રણ કરવા માટેની ટકાઉ વ્યવસ્થા પણ જરૂરી બની જશે. એ વ્યવસ્થા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી શક્ય બનશે.

**– હર્ષ મેસવાણિયા**

# ડ્રમવાદનનો અધિકાર



કસીવા મુતુઆ

આફ્રિકાના કેન્યામાં રહેતી કસીવા મુતુઆને દાદી રોજ રાત્રે વાર્તા કહેવા પોતાના રૂમમાં લઈ જતાં અને અંદરથી રૂમ બંધ કરી દેતાં. જ્યાં સુધી વાર્તા પૂરી ન થાય ત્યાં સુધી રૂમનો દરવાજો બંધ રહેતો. તેનું કારણ એ હતું કે દાદીમા ડ્રમ વગાડીને રોમાંચક રીતે વાર્તા કહેતાં. કસીવાને એ નહોતું સમજાતું કે દાદી ડ્રમ શા માટે સાવ ધીમું વગાડે છે. તે તેની દાદીને જોરથી ડ્રમ વગાડવાનું કહેતી, પણ દાદી તેની વાતને ટાળી દેતાં હતાં. ડ્રમવાદન દક્ષિણ આફ્રિકાની સંસ્કૃતિનો અભિન્ન હિસ્સો છે, પરંતુ પરંપરા મુજબ કેન્યામાં સ્ત્રીઓને ડ્રમ વગાડવાની અનુમતિ નથી. તે બારમા ધોરણમાં અભ્યાસ કરતી હતી, ત્યારે તેની સ્કૂલમાં સંગીતસમારોહની તૈયારી ચાલી રહી હતી. એણે હિંમત કરીને તેમાં ભાગ લીધો અને સ્કૂલના શિક્ષકે તેને છોકરાઓ સાથે ડ્રમ વગાડવાની પરવાનગી આપી. જ્યારે આ વાતની ઘરના લોકોને ખબર પડી તો ખૂબ ઠપકો આપ્યો અને એને કડક સૂચના આપવામાં આવી કે ફરીથી ડ્રમને હાથ ન લગાવવો.

એક વખત ગામમાં વાર્ષિક ઉત્સવ ચાલી રહ્યો હતો. ગામલોકો ત્યાં એકઠા થયા હતા. મંચ પર ડ્રમ મૂક્યો હતો. અચાનક કસીવા ત્યાં પહોંચી ગઈ અને કોઈની મંજૂરી લીધા વિના ડ્રમ વગાડવા લાગી. આથી સહુ આશ્ચર્યથી એને જોઈ રહ્યા અને એકબીજાને પૂછવા લાગ્યા કે આ છોકરી છે કોણ ? ત્યાં એક વ્યક્તિ દોડતી આવી અને જોરથી એને કહેવા લાગી કે આને હાથ અડાડવાની તારી હિંમત કેવી રીતે થઈ ? કસીવા રડતાં રડતાં ઘરે આવી, પરંતુ કોઈએ એનો પક્ષ લીધો નહીં. તે વિચારવા લાગી કે આવા ભેદભાવને દૂર કરવા માટે લોકોને જાગૃત કરવા જોઈએ. સ્કૂલમાં એણે મિત્રો સાથે આ અંગે ચર્ચાઓ કરી હતી. એને લાગ્યું કે પત્રકાર બનીને સમાજમાં જાગૃતિ ફેલાવી શકાશે, તેથી એણે બુસોગા યુનિવર્સિટીમાં પત્રકારત્વનો અભ્યાસ કર્યો અને ડિગ્રી હાંસલ કરી, પરંતુ પછી એનું મન બદલાઈ ગયું.

કસીવા કહે છે કે, ‘ડ્રમવાદન એ મારો પ્રથમ પ્રેમ હતો અને એમાં જ હું કારકિર્દી બનાવવા ઇચ્છતી હતી. તેથી મેં નક્કી કર્યું કે હું પ્રોફેશનલ ડ્રમર બનીશ. ડ્રમ વગાડવું એ મારા માટે આઝાદીનું પ્રતીક છે.’ ઘરના લોકોને સામા પ્રશ્ન પૂછતી કે જો કોઈ પુરુષ ડ્રમ વગાડી શકે છે તો સ્ત્રી કેમ નહીં ? તેમને સન્માન મળે છે તો સ્ત્રીને કેમ નહીં ?

એક દિવસ કસીવાએ જાહેર કર્યું કે એ પત્રકાર નહીં પરંતુ ડ્રમવાદક બનશે. પહેલાં તો કોઈને ખબર ન પડે તે રીતે ડ્રમ વગાડતી, પરંતુ હવે જાહેરમાં ડ્રમ વગાડવા લાગી. તે ગામલોકોની ધારણા બદલવા માંગતી હતી. તે કહેતી કે એવું માની લેવામાં આવ્યું છે કે સ્ત્રીનું સ્થાન રસોડામાં કે રૂમમાં જ હોય. ઘણા લોકો તેને કહેતા કે તે પત્રકારને બદલે ડ્રમવાદક શા માટે બની ?

૨૦૧૩માં કસીવાએ ‘વન બીટ’ કાર્યક્રમમાં ભાગ લીધો. એ કાર્યક્રમમાં એણે ડ્રમ વગાડ્યું. બધા દર્શકો એક છોકરીને આટલી સરસ રીતે ડ્રમ વગાડતા જોઈને આશ્ચર્યમાં ડૂબી ગયા. બધે એની ચર્ચા થવા લાગી. ૨૦૧૪માં એણે ‘નીલ પ્રોજેક્ટ’માં ભાગ લીધો. આ પ્રોજેક્ટ અંતર્ગત નીલ નદીના કિનારે વસેલા આફ્રિકી કલાકારોની કળાને ઓળખ આપવાની હતી. આધુનિક અને પરંપરાગત સંગીતને પ્રોત્સાહન આપવા માટે ૨૦૧૫માં એણે MOTRA(MOdern and TRAditional Rhythms) સંસ્થાની સ્થાપના કરી. જેમાં શરૂઆતમાં આઠ સભ્યો હતા. કસીવા અત્યારે ગામેગામ ફરીને લોકોને પોતાની દીકરીઓને શિક્ષણ આપવા અને એના અધિકારો પ્રત્યે જાગૃત કરે છે. એ લોકોને સમજાવે છે કે ડ્રમવાદન એ સંસ્કૃતિનો જ એક ભાગ છે અને એ સાંસ્કૃતિક વારસાને સાંભળવાનો અને જાળવવાનો સ્ત્રીઓને પણ અધિકાર છે. જાગૃતિ અભિયાન દરમિયાન તે ડ્રમ વગાડીને પોતાની વાત કરે છે. તે સાંભળીને કેન્યાની મોટા ભાગની છોકરીઓ સંગીતક્ષેત્રમાં આગળ આવી રહી છે.

**– પ્રીતિ શાહ**

---

## ઓનલાઇન વિશ્વકોશ
## એક મહિનામાં ૮૧ હજાર વિઝિટર્સ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે તૈયાર કરેલો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ વિશ્વકોશ હવે ઑનલાઇન મુકાઈ ગયો છે. ૨૬,૦૦૦ પૃષ્ઠોમાં સમાવેશ પામેલાં ૨૪,૦૮૩ લખાણો (અધિકરણો) હવે ઑનલાઇન ઉપલબ્ધ બન્યાં છે. આ ઑનલાઇન વિશ્વકોશ ખૂબ ઝડપથી વિશ્વભરના ગુજરાતીઓ સુધી પહોંચી રહ્યો છે. ભારત, અમેરિકા, ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ જેવા જુદા જુદા દેશોના ગુજરાતીભાષી લોકો આ વિશ્વકોશમાંથી માહિતી પ્રાપ્ત કરે છે. https://gujarativishwakosh.org દ્વારા આ ઑનલાઇન વિશ્વકોશમાં ૧. વિષય પ્રમાણે, ૨. લેખકના નામ પ્રમાણે, ૩. અધિકરણના નામ પ્રમાણે – એમ ત્રણમાંથી કોઈ પણ રીતે સર્ચ થઈ શકે છે. અત્યારે આ અધિકરણો અપડેટ કરવાની કામગીરી ચાલે છે અને થોડા દિવસોમાં જ નોબેલ પારિતોષિક વિજેતાઓ, રાજકારણ, રસાયણશાસ્ત્ર, ચલચિત્ર જેવા વિષયો પરના નવા લેખો ઑનલાઇન મુકાયા છે અને સાથોસાથ બીજા લેખોને અપડેટ કરવાનું કામ ચાલે છે. માત્ર છેલ્લા એક મહિનામાં ૮૧,૦૦૦ લોકોએ ગુજરાતી વિશ્વકોશની આ સાઇટ જોઈ હતી અને એમાં ૬૫,૦૦૦ લોકો ગૂગલની સાઇટ પરથી આવ્યા હતા. આ રીતે ઑનલાઇન વિશ્વકોશનો ઉપયોગ સતત વધી રહ્યો છે.

# અથ શ્રીચાંદલા-કથા

હવેનાં લગ્નોમાં ચાંદલાની રકમ સુશોભિત કવરમાં મૂકીને આપવાની પ્રથા છે. અલબત્ત, ખુલ્લેઆમ ચાંદલો આપવા-લેવાની પ્રથા પણ ચાલુ છે. પરંતુ, એકંદરે કવરમાં મૂકીને ચાંદલો આપવાનું વલણ વધતું જાય છે. આમ કરવામાં એક પ્રકારનું સૉફિસ્ટિકેશન છે, સંસ્કારીપણું છે એમ માનવામાં આવે છે. પણ આનો એક બીજો આડલાભ પણ છે, એ તરફ આપણું હજુ ખાસ ધ્યાન ગયું નથી. કવરમાં મૂકેલી રકમ આજુબાજુમાં ઊભેલાંઓથી ખાનગી રહે છે. અમારા એક મિત્ર આનો બરાબર લાભ લે છે. એ ખૂબ સુશોભિત કવર પસંદ કરે છે. પછી જેમને ત્યાં ચાંદલો કરવાનો હોય એમણે આ પૂર્વે પોતાને ત્યાં ચાંદલો કર્યો હોય તો પોતાની નોંધ પરથી એટલી રકમનો જ ચાંદલો કરે છે. આપણા સાહસિક નાણાપ્રધાનો બજેટ ઘડતી વખતે કારમી મોંઘવારીને સહેજે ધ્યાનમાં લેતા નથી એમ અમારા મિત્રને પંદર વર્ષ પહેલાં ચાંદલામાં અગિયાર રૂપિયા મળ્યા હોય તો મોંઘવારીવધારો સહેજે ધ્યાનમાં લીધા વગર તેઓ કવરમાં અગિયાર રૂપિયા જ મૂકે. કવર એટલું સરસ પસંદ કરે કે એમાં આટલી નાની રકમ હશે એવી ચાંદલો નોંધનારને કે ચાંદલો નોંધાવવા આજુબાજુ ઊભેલાંઓને કલ્પના આવતી નથી. ખુદ યજમાનને પણ, કવરનું સુશોભન જોઈને, એકસો અગિયાર મૂકવા હશે, પણ સરતચૂકથી સોની નોટ મૂકવાની રહી ગઈ હશે, એમ ચાંદલાની રકમ ગણતી વખતે થશે એવી અમારા મિત્ર દરેક વખતે આશા રાખે છે.

હું સામાન્ય રીતે ચાંદલાની રકમ સૉફિસ્ટિકેટેડ ગણાવાની આશાથી કવરમાં મૂકીને જ આપું છું. હું કવરમાં ચાંદલાની રકમ ઓછી નથી મૂકતો, પણ મારી ચિંતા બીજી હોય છે. કવર ગુંદરથી પૅક કરી દીધા પછી અંદર ચાંદલાની રકમ મૂકી કે નહિ એવો પ્રશ્ન મને સતત થયા કરે છે. એટલે ચાંદલો આપતી વખતે હું આંગળી અને અંગૂઠાની મદદથી કવરમાં પૈસા છે કે કેમ તેની ચકાસણી કરવા પ્રયત્ન કરું છું. કવરમાં એકાવન કે એકસો એક રૂપિયા મૂક્યા હોય તો એક રૂપિયાની નોટ તો સજ્જન માણસોની જેમ દુર્લભ થઈ ગઈ છે, એટલે રોકડો રૂપિયો જ મૂકવાનો થાય છે. આ કારણે સ્પર્શ દ્વારા રોકડા રૂપિયાની હાજરીનો તો તરત જ અનુભવ થાય છે. પણ પચાસ કે સોની નોટ છે કે કેમ તેની મને ક્યારેય પૂરી ખાતરી થતી નથી. આને લીધે હવે જમ્યા પછી જ ચાંદલો આપવાનું રાખું છું. જ્યારે જ્યારે ચાંદલો આપીને જમવાનું રાખું છું ત્યારે ત્યારે કવરમાં વીસ/પચાસ, સોની નોટ મૂકી હશે કે મૂકવાનું ભૂલી ગયો હોઈશ એવો જ વિચાર આવ્યા કરે છે. લગ્નમાં જમવા માટે તો કોઈ સ્નેહીને ત્યાં જ જવાનું હોય. એટલે જમતાં જમતાં એવો વિચાર આવ્યા કરે કે સ્નેહી કવર ખોલશે ને એમાંથી માત્ર એક જ રૂપિયો નીકળશે તો ? સજ્જન યજમાન કદી કહેશે નહિ, પણ મારા વિશે શું ધારશે ? મારા વિશે એમ માનશે ને, કે આ માણસને સારો ધાર્યો'તો પણ ચારસો

વીસ નીકળ્યો - વગેરે વગેરે. આવા વિચારોને કારણે પછી જમવામાં મજા નથી આવતી. એટલે હવે તો જમ્યા પછી જ ચાંદલો આપું છું.

થોડા દિવસ પહેલાં એક સ્નેહીની પુત્રીનાં લગ્નમાં જવાનું થયું. જમ્યા પછી ચાંદલાનું કવર મેં કાઉન્ટર પર બેઠેલા ભાઈને આપ્યું. કવરમાં મૂકેલી સોની નોટ ખરેખર કવરમાં છે કે મૂકવાની રહી ગઈ છે એની ખાતરી કરવા હું ક્યારનો આંગળી અને અંગૂઠા વડે ચકાસણી કર્યા કરતો હતો એ પેલા ભાઈ જોઈ ગયા હોય અને એમને પણ કંઈ વહેમ પડ્યો હોય કે પછી કોણ જાણે, એમને શો વિચાર આવ્યો હશે, પણ કવર હાથમાં લઈ એમણે પૂછ્યું, 'કવર ફોડું ?' એમનો પ્રશ્ન સાંભળી હું એકદમ ગભરાઈ ગયો. મુદ્દામાલ સાથે પકડાયેલો આરોપી પોલીસ-સ્ટેશનમાં ઢીલો થઈ જાય એટલો ને એવો હું ઢીલો થઈ ગયો. મારાથી આજુબાજુમાં જોવાઈ ગયું. કોઈ જાણીતું નહોતું. આમ છતાં, અજાણ્યાઓ વચ્ચે પણ આવી વિષમ પરિસ્થિતિમાં મુકાવું એ એટલું જ દુઃખકર હતું.

'ફોડો'. નરમ ઘેંશ જેવા થઈ જઈ મેં કહ્યું. પેલા ભાઈએ કવરનું ઉપરનું પડ ઉખેડવાનો પ્રયત્ન કર્યો, પણ કવરનાં બંને પડ અવિભક્ત આત્માની જેમ એવાં એકબીજાને વળગી રહ્યાં હતાં કે કાગળ સહેજ ફાટ્યો, પણ પડ ઊખડ્યું નહિ. સવારે કવર પૅક કર્યું ત્યારે શીશીમાંથી વધુ પડતો ગુંદર કવર પર ઢળી ગયો હતો એ મને યાદ આવ્યું. પહેલાં ગુંદર ઓછો પડ્યો એટલે કવર બરાબર પૅક થયું નહિ, પછી ગુંદર વધુ પડતો ઢળી ગયો એટલે કવર જડબેસલાક પૅક થઈ ગયું. (આમેય પ્રમાણસરતા મારે માટે હંમેશાં દુઃસાધ્ય રહી છે.) પેલા ભાઈએ ફરી કવરનું ઉપલું પડ ઉખેડવા યત્ન કર્યો. ફરી થોડો કાગળ ફાટ્યો પણ પડ ન ઊખડ્યું તે ન જ ઊખડ્યું. ચાંદલો નોંધાવવા આવેલા બીજા કેટલાક મહેમાનો ખોટી થતા હતા એટલે પેલા ભાઈએ કવર મને ભળાવ્યું. મેં ત્યાં ઊભાં ઊભાં જ કવરના સફળ વિમોચન માટે પ્રયાસ આરંભ્યો. ધીમે ધીમે કકડો-કકડો કરતાં ઉપરનું આખું પડ નીકળી ગયું. નોટ દેખાઈ. મારી પ્રસન્નતાનો પાર ન રહ્યો. પણ એ પ્રસન્નતા અલ્પજીવી નીવડી. નોટ કવરના નીચેના કાગળ સાથે સજ્જડ ચોંટી ગયેલી. આવી નોટ ચાંદલામાં આપવાનું વાજબી નહોતું. એટલે મેં અત્યંત મૃદુતાથી નોટને કાગળથી છૂટી પાડવાનો પ્રયત્ન કર્યો. ચપટીમાં આવે એટલો નોટનો ખૂણો કાગળથી છૂટો પણ પડ્યો. પણ નોટે 'જીના યહાં, મરના યહાં' એવો સંકલ્પ કર્યો હતો. નોટના ખૂણાને ચપટીમાં લઈ નોટ ઉતરડવાનો જેવો મેં પ્રયત્ન કર્યો કે તરત ભીમસેનના હાથે જરાસંધના શરીરનાં બે ફાડિયાં થઈ ગયાં હતાં એમ આ અ-ભીમસેનના હાથે નોટનાં બે ફાડિયાં થઈ ગયાં. એક ફાડિયું મારા હાથમાં રહી ગયું ને એક ફાડિયું એવું જ કાગળ સાથે અવિચળ રીતે ચોંટી રહ્યું. સૌના દેખતાં આ દુર્ઘટના બની એટલે હું વિશેષ છોભીલો પડી ગયો. ક્ષોભ દૂર કરવા હું ત્યાંથી ખસી ગયો પણ ચાંદલાનો પ્રશ્ન તો વણઊકલ્યો જ રહ્યો.

મેં આસપાસ નજર દોડાવી, પણ જેની પાસે સો રૂપિયા માગી શકાય એવું પરિચિત સ્વજન નજરે પડ્યું નહિ. લગ્નમાં હું મોડો પડ્યો હતો, એટલે નિકટનાં પરિચિતો આવીને જતાં રહ્યાં હતાં. ખિસ્સામાં વીસેક રૂપિયા જ હતા. આટલો ઓછો ચાંદલો કરવાનું યોગ્ય નહોતું. અને ધારો કે એટલો જ ચાંદલો કરું તો ઘેર પાછા જવા માટે

બસભાડાના પૈસા વધે નહિ. હું ખરે જ મૂંઝાયો. એકાએક મારા મગજમાં પ્રકાશ થયો. વર્ષો પહેલાંનો આવો એક પ્રસંગ યાદ આવ્યો. એ વખતે કાઢેલો માર્ગ અહીં કામ આવશે એમ મને લાગ્યું.

ચાળીસ વર્ષ પહેલાં, મારા ગામની કૉલેજમાં હું પ્રોફેસર હતો, ત્યારે એક વાર હું અને બીજા એક પ્રોફેસર મહાદેવના મંદિરે ગયા. મંદિરના પૂજારીનો દીકરો અમારી કૉલેજમાં પટાવાળા તરીકે કામ કરતો હતો. એ વારંવાર પોતાને ઘેર આવવા આગ્રહ કરતો હતો. એટલે આમ તો અમે બંને મંદિરના કૅમ્પસમાં જ આવેલા એના ઘેર જવા માટે જ મંદિરના કૅમ્પસમાં ગયા હતા. સામાન્ય રીતે હું ભગવાનને બહુ ડિસ્ટર્બ કરતો નથી. પણ મંદિરની લગોલગ જવાનું થાય અને પ્રભુને 'હેલો' ન કહીએ એ ઠીક નહિ, એમ માની મેં મંદિરમાં જવાનું સૂચન કર્યું. મિત્રે સૂચન માન્ય રાખ્યું. અમે મંદિરમાં ગયા પણ પછી તરત ખ્યાલ આવ્યો કે ભગવાનને ધરવા માટે છૂટા પૈસા અમારા બેમાંથી એકેય પાસે નથી. બંને પાસે સો-સોની નોટ હતી. એ વખતે પ્રોફેસરોનો પગાર આજના જેટલો માતબર નહોતો. એ વખતે વધારે ભણાવવું પડતું હતું અને પગાર ઓછો મળતો હતો. આજે ઓછું ભણાવવું પડે છે ને વધારે પગાર મળે છે. સો રૂપિયાની નોટ ધરી દઈએ તો આર્થિક દૃષ્ટિએ અમે બંને મહાદેવજીની સમકક્ષ થઈ જઈએ ! એટલે સો રૂપિયાની નોટ ધરતાં જીવ ચાલ્યો નહિ. એટલામાં અમારી સાથે કામ કરતો પૂજારીનો દીકરો અમને જોઈ ગયો હશે એટલે એ મંદિરમાં આવ્યો. મેં એને કહ્યું, 'તું અમને બંનેને પચાસ-પચાસ પૈસા આપ તો અમે ભગવાનને ધરી શકીએ. અમારી પાસે છૂટા નથી.'

'એ પૈસા અમારા ઘરમાં જ આવવાના છે એટલે આવી ગયા એમ સમજો.' એણે કહ્યું. આ હવાલાયુક્તિ અમને યોગ્ય ન લાગી. અમે પચાસ-પચાસ પૈસાનો જ આગ્રહ રાખ્યો. બીજે દિવસે આપી દેવાની ખાતરી આપી. એણે કહ્યું, 'પાછા આપવાની વાત નથી પણ છૂટા મેળવવાનું મુશ્કેલ છે. તમે કાલે મને કૉલેજ પૈસા આપી દેજો ને. હું કાલે ભગવાનને તમારા વતી ધરી દઈશ.' અમારું બંને મિત્રોનું ગાડું ઉધારમાં જ ગબડતું હતું, પણ ભગવાન પાસે ઉધાર રાખવામાં અમારું મન ન માન્યું. આખરે એ બિચારો બજારમાં ગયો અને પંદર મિનિટની રખડપટ્ટી પછી છૂટા પૈસા મેળવવામાં કામયાબ થયો.

આજે પણ વર્ષો પહેલાંનો એ જ માર્ગ અપનાવવાનો મને વિચાર આવ્યો. જેમની પુત્રીનાં લગ્ન હતાં એમની પાસે હું ગયો. એ બહુ કામમાં હતા એટલે મેં બનેલી દુર્ઘટનાનો અત્યંત સંક્ષેપમાં ખ્યાલ આપ્યો. કામના ભારણ છતાં એ હસી પડ્યા ને બોલ્યા, 'તમારા એકસો એક રૂપિયા જમા કરવાનું હું ચાંદલો લખતા ભાઈને કહી દઉં ?' મેં કહ્યું, 'ના, હિસાબની રીતે એ બરાબર ન કહેવાય. ચાંદલો ઉધાર રાખનાર જગતના પ્રથમ મનુષ્ય તરીકે 'ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ'માં મારું નામ આવી શકે કદાચ, પણ મારે એમ નથી કરવું. તમે મને સો રૂપિયા જ આપો.' એમણે હસીને સો રૂપિયા આપ્યા. આમાં ઓરિજિનલ રૂપિયો (જે ધાતુનો હતો એ કારણે ફાટ્યો નહોતો એ) ઉમેરી મેં કાઉન્ટર પર ચાંદલો જમા કરાવ્યો.

**– રતિલાલ બોરીસાગર**

# સરખેજના રોજામાં મંડપારોપણ

આ નગરસંસ્કૃતિ શું છે ? કઈ રીતે એ અસ્તિત્વમાં આવી ? શા માટે અને કયા સ્વરૂપે એ સંસ્કૃતિનો પ્રભાવ માનવવસ્તી અને માનવમન પર પડ્યો ? એના ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ પર સંસ્કૃતિએ કેવી છાપ છોડી ? આ પ્રશ્નો મનમાં ઘોળાય ત્યારે મુખ્ય પ્રશ્ન તો રહી જ ગયો. આ વળી ‘સંસ્કૃતિ’ એટલે શું ? એકલ-દોકલ રઝળતા, ક્વચિત્ સમૂહમાં વિચરતા માનવોને ભેગાં જીવન જીવવાનો વિચાર આવ્યો હશે ત્યારે તેઓને કેટલાક નીતિનિયમો અંગે પણ ઉત્કંઠા જાગી હશે અને હળવેકથી જરૂરિયાત અનુસાર, પસંદગી અનુસાર, માનવસ્વભાવ અનુસાર લોકો એક-જૂથ થઈને રહેવા માંડ્યા હશે ત્યારે ગામ, શહેર, નગર ઇત્યાદિ શબ્દોની પણ અન્ય શબ્દોની જેમ જ ઉત્ક્રાંતિ થઈ હશે. આમ તો, માનવજાતનો ઇતિહાસ આપણને હજારો-લાખો વર્ષનાં પડોને ઉખેળવા પ્રેરે પણ અત્યારે જે ગૌરવપૂર્ણ ઇતિહાસયુક્ત તાજો ભૂતકાળ આપણી સમક્ષ વિવિધ સંસ્કૃતિનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોને ઓળખવાની તક આપે જ છે ત્યારે એના સૌંદર્યઝરણને માણવાનો મોકો આપણે શાને કાજે જવા દઈએ ભલા ? હા, કાળની થપાટે અને માનવોની નિષ્કાળજીના કારણે આપણને નરી આંખે જે દેખાય છે તેને આપણે પરિસ્થિતિજન્ય અવશેષો જ કહી શકીએ. નિર્જીવ કહેવાતી આપણી જણસો જેવી જે ઇમારતો અને અન્ય કળાઓ આજે ભગ્ન દશામાં જીવે છે તેનામાં જીવન જોવાની આપણી દૃષ્ટિ વિકસે તો એ મૃતપ્રાય કઈ રીતે હોઈ શકે ? આપણા વિકાસોન્મુખ અમદાવાદની જ વાત કરીએ. કુત્તા પર સસ્સા આવવાની ઘટના ટાણે બાદશાહ અહમદશાહને સ્વપ્નેય ખ્યાલ હશે ખરો કે સાભ્રમતીના તીરે રિવરફ્રન્ટ થશે ?!

૧૪૧૧માં જ્યારે અહમદ આબાદ નગર વસ્યું તે સમયે સાબરમતીનાં અનેક વહેણો નગર વીંધીને વહેતાં હતાં. તે માણેકચોકમાંય ઘુઘવાટા કરે અને શહેર બહારનાં કહેવાતાં પરાંઓમાંય વિલસે. ત્યારે ક્યાં એ સાબર અને હાથમતીનાં સહીપણાં ઉપર કોઈનીય લગામ હતી ? એવે વખતે બાદશાહે સરખેજ નામના વિસ્તારમાં નદીની લીલાશ જોઈ અને શાયર તેમજ મિત્ર સંત શેખ અહમદ ગંજબક્ષની સલાહ મુજબ તેમના માર્ગદર્શનમાં મકરબા ગામ મહીં મસ્જિદો, મહેલો અને સૂફી સંસ્કૃતિના સંકુલ સમું એક અતિ સુંદર અને પવિત્ર પરિસર સર્જી દીધું ! અલબત્ત, ‘સરખેજનો રોજો’ નામકરણ થતાં થતાં તો ૧૪૫૧ની સાલ આવી લાગી. અમદાવાદ - અહેમદાબાદ શહેરથી સાત કિમી. છેટે દક્ષિણ-પશ્ચિમ દિશે નૈઋર્ત્ય ખૂણે ખૂબ જ વખણાયેલું આ પાક સ્થળ દેશની સૂફી વિચારધારાનું મહત્ત્વનું કેન્દ્ર છે. અમદાવાદના જન્મની લગોલગ જ લગભગ આ એક ઇબાદત સ્થળ ક્ષિતિજે ડોકાયું અને ધીરે ધીરે ન માત્ર એક પ્રાર્થનાસ્થાન, પરંતુ કલાના અદ્ભુત નમૂનાઓ અને ઉચ્ચકક્ષાનાં સ્થાપત્યોના નિવાસસ્થાન તરીકે રસિકોએ એને પિછાણ્યું. અહીં છે ગ્રેટ મૉસ્ક, ગ્રેટ ટૅન્ક, મહેલ,



હેરમ, પેવેલિયન, બાવા ગંજબક્ષ અને બાબા ઈશકના રોજા; બીબી રાજબાઈ, મોહમ્મદ બેગડા ઈત્યાદિની કબરો. આ રળિયામણા આંગણાને શોભાવતા પેવેલિયન - અર્થાત્ મંડપની જ વાત જો આજે આપણે કરીએ તો...

સરખેજના રોજા ખાતેનો મંડપ ગંજબક્ષના મકબરાની સામે જ આવેલો છે. પાછળ જામી મસ્જિદ દેખાય. ચોરસ એવું આ સ્થાપત્ય સુંદર પથ્થરોના લાટાથી શોભે છે. પથ્થરો મહીં વાર્તાલાપ થતો હોય એમ ચારે કોર ચાર-ચાર સ્તંભો દેખાય, પરંતુ ગણવા બેસીએ તો કુલ બાર થાય. રાષ્ટ્રીય સ્મારક એવા આ પરિસરની દરેક ઈમારતનું આગવું મહત્ત્વ છે. ચારે બાજુએથી છ છ પગથિયાંની ઊંચાઈ પર આવેલ પેવેલિયનની દરેક બાજુ ૮.૨૩ મીટરની છે. ખૂણે પડતાં પગથિયાં પર ઊભી છે સાદી રચનાવાળી પહોળી કુંભી. નકશી નહિ, આંકા તો પાડ્યા છે. ગોળાકાર સ્તંભો છતને અડે છે ત્યાં તે નવ નાના ગુંબજોને અગાશીએ ધારણ કરેલા જણાય. કલાત્મક વળિયાવાળી કોર વચ્ચે પશુમુખ દેખાય. બે પટ્ટીઓયુક્ત કિનાર ઉપર ગોળાકાર કાંગરીઓમાંથી ગુંબજ જાણે કે શિર પર કળશ ધરીને ઊભેલા જણાય. ચારે ખૂણે પક્ષીઓનાં શિલ્પો ગર્વિષ્ટ લાગે અને પેવેલિયનમાં ઊભા રહી ઉપર જોતાં લાગે કે જાણે છતમાં પાટડા જડ્યા છે ! આ કૉર્ટયાર્ડ પેવેલિયનની શૈલીમાં ભારતીય અને ઈસ્લામિક સ્થાપત્યના સિદ્ધાંતોનું મિશ્રણ છે. પર્શિયન કળાની અસર ઝીલતું આ ઈન્ડોઆર્સેનિક સ્થાપત્ય છે. 'ઈવેન્ટ પ્લેસ' કહેવાતું આ પેવેલિયન સરખેજના રોજાના કમ્પાઉન્ડમાં વચ્ચોવચ્ચ જણાય છે પણ જે લંબગોળ તળાવને કિનારે આ પવિત્ર જગ્યા છે તેનાં પગથિયાં પાસે પણ રાજા-રાણી માટે આવાં પેવેલિયનની શક્યતાઓ તજ્જ્ઞો વિચારે છે...તો, એમના અભ્યાસનાં તારણોની પ્રતીક્ષા કરીશું ?

**— સુધા ભટ્ટ**

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

## (ઓનલાઇન કાર્યક્રમો)

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા ‘અસ્મિતા વિશેષ સંવાદ’માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૧૮ મે, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**

શ્રી નિરંજનાબહેન કલાર્થી (સમયમર્યાદા : ૨ કલાક, ૧ મિનિટ)

◈ **૨૫ મે, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**

શ્રી ચંદ્રકાન્ત શેઠ (સમયમર્યાદા : ૧ કલાક, ૨૩ મિનિટ)

* * *

## ( ઓફલાઇન કાર્યક્રમો )

## શ્રી હરિકેત પાઠક બાળ-કિશોર ચિત્રકલા-સ્પર્ધા : ૬

◈ **૧ મે, ૨૦૨૨, રવિવાર : સવારના ૧૦-૦૦**

હરિકેત પાઠક બાળ-કિશોર ચિત્રકલા-સ્પર્ધા ધોરણ ૫, ૬, ૭ અને ધોરણ ૮, ૯ એમ બે જૂથમાં યોજાઈ છે.

નિર્ણાયક : અમિતાભ મડિયા અને મનીષ મોદી

## પ્રિ. આર. એલ. સંઘવી અને શ્રીમતી મંજુલા આર. સંઘવી જ્ઞાનપ્રસાર વ્યાખ્યાનમાળા

◈ **૧૧ મે, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**

વક્તા : સંજય ચૌધરી

વિષય : મશીન લર્નિંગ અને ડીપ લર્નિંગની ટૅક્નૉલૉજીથી સર્જાનારી આવતીકાલ

## ‘બૃહદ નાટ્યકોશ’નું વિમોચન

◈ **૧૪ મે, ૨૦૨૨, શનિવાર : સાંજના ૫-૩૦**

જાણીતા નાટ્ય-દિગ્દર્શક અને રંગમંચકલાના અભ્યાસી શ્રી ભરત દવેની પ્રથમ પુણ્યતિથિએ એમણે લખેલા બૃહદ નાટ્યકોશ ‘ભારતીય રંગભૂમિ’ ભાગ-૧-૨નું વિમોચન.

વિમોચનકર્તા : શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર

## શ્રી કુમાર જયકીર્તિ પ્રેરિત અનેકાંત વ્યાખ્યાનમાળા

**◈ ૧૫ મે, ૨૦૨૨, રવિવાર : સવારના ૧૦-૦૦**

વિષય : જીવનમાં પ્રવર્તતી ભ્રમણાઓનું નિવારણ : ધર્મ

વ્યાખ્યાતા : સાગરસમુદાયના પંન્યાસશ્રી લબ્ધિચંદ્રસાગર મહારાજસાહેબના શિષ્ય મુનિશ્રી મંગેશચંદ્રસાગરજી મહારાજસાહેબ

## શ્રી મનસુખભાઈ મ. મેદાણી સ્વાસ્થ્ય-યોગશ્રેણી

**◈ ૨૫ મે, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**

વિષય : આપણી વર્તમાન જીવનશૈલી અને સ્વાસ્થ્યની સંભાળ

વક્તા : કર્નલ ડૉ. યશવંત જોશી

### અન્ય

**◈ ૨૭ મે, ૨૦૨૨, શુક્રવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સાહિત્ય અકાદમી, દિલ્હીના ઉપક્રમે 'મીટ ધ ઑથર' કાર્યક્રમ અંતર્ગત શ્રી સતીશ વ્યાસ સાથે સંવાદ.

### આસ્વાદ

**◈ ૨૨ મે, ૨૦૨૨, રવિવાર : સવારના ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં પારંપરિક ભરત-કલાના વિશેષજ્ઞ શ્રી પ્રીતિ શેઠ 'ભારતીય હાથ-ભરતની પરંપરા' વિશે વક્તવ્ય આપશે.

## બહેનો માટે વિશ્વા દ્વારા આયોજિત લેખન-શિબિર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની બહેનો માટેની પ્રવૃત્તિ કરતી 'વિશ્વા' સંસ્થા દ્વારા એક દિવસીય લેખનશિબિર યોજવામાં આવી છે. આ લેખનશિબિરમાં બહેનોને સર્જનાત્મક લખાણો લખવાની તાલીમ આપવામાં આવશે. તા. ૧૭ મે, ૨૦૨૨, મંગળવારે સવારે ૯:૩૦થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી આ લેખનશિબિરનો સમય રહેશે અને ગુજરાત વિશ્વકોશભવન(ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્ક સોસાયટીની પાસે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩)ના સ્થળે એનું આયોજન કરવામાં આવ્યું છે. આમાં ભાગ લેનારી બહેનોએ એમનાં નામ, સરનામાં અને મોબાઇલ નંબર કૃપા દેથોલીયાને ફોન દ્વારા - ૯૮૯૮૦૪૨૬૯૯ નંબર પર - જણાવવાં. જે બહેનો આ શિબિરમાં ભાગ લેવા માંગતી હોય તેમણે તા. ૧૨મી મે, ગુરુવાર સુધીમાં એમનાં નામ નોંધાવી દેવાં. આ શિબિરમાં મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવામાં આવશે. શિબિર દરમિયાન ચા-નાસ્તો અને બપોરે ભોજન આપવામાં આવશે. શિબિરની રજિસ્ટ્રેશન ફી ૧૫૦ રૂ. રાખવામાં આવી છે.



શ્રી ચંદ્રવદન મહેતાકૃત વિખ્યાત રેડિયોશ્રેણી 'અદાવત વિનાની અદાલત'ના એક સંવાદની પ્રસ્તુતિ





રોબૉટિક્સની કાર્યશિબિરમાં વક્તવ્ય આપતા રાજન સીતાપરા



આંતરરાષ્ટ્રીય બાળપુસ્તકદિન નિમિત્તે નાની ઉંમરે સાહિત્યસર્જન કરનારાં બાળકોનું અભિવાદન

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. at Ahd PSO On 5th every month.

# વિશ્વકોશની વિવિધ પ્રવૃત્તિઓ

## ◈ વિશ્વકોશોનું પ્રકાશન

(૧) ગુજરાતી વિશ્વકોશ ખંડ ૧થી ૨૫
(૨) ગુજરાતી બાળવિશ્વકોશ ખંડ ૧થી ૧૦
(૩) પરિભાષાકોશ

## ◈ ઑનલાઈન ગુજરાતી

(૧) ગુજરાતી ભાષાના સર્વપ્રથમ વિશ્વકોશના ૨૬ ગ્રંથોના ૨૬,૦૦૦ પૃષ્ઠોમાં લખાયેલા ૧૭૦ વિષયોના ૨૪,૦૮૩ લખાણ (અધિકરણો) ઑનલાઈન ઉપલબ્ધ
https://gujarativishwakosh.org

(૨) પચીસ વર્ષના પ્રયત્નો બાદ તૈયાર થયેલો ૪૫,૦૦,૦૦૦થી વધુ શબ્દો ધરાવતો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ ઑનલાઈન શબ્દકોશ
www.gujaratilexicon.com

## ◈ વ્યાખ્યાનશ્રેણી

(૧) શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી
(૨) જીવન-ઉત્કર્ષ વ્યાખ્યાનશ્રેણી
(૩) ધર્મ-તત્ત્વ-દર્શન વ્યાખ્યાનશ્રેણી
(૪) કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ વ્યાખ્યાનશ્રેણી
(૫) શિક્ષણવિદ શ્રી કંચનલાલ પરીખ વ્યાખ્યાનશ્રેણી
(૬) સ્વાસ્થ્ય-યોગશ્રેણી
(૭) પ્રિ. આર. એલ. સંઘવી વ્યાખ્યાનમાળા
(૮) શ્રી કુમાર જયકીર્તિ પ્રેરિત અનેકાંત વ્યાખ્યાનમાળા

## ◈ સ્પર્ધા

(૧) સ્વ. હરિકેત પાઠક ચિત્રસ્પર્ધા
(૨) વિદુષી દક્ષાબહેન પટ્ટણી નિબંધસ્પર્ધા

## ◈ ઍવૉર્ડ

(૧) શ્રી ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ
(૨) સમાજ ઉત્કર્ષ ઍવૉર્ડ
(૩) શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી ઍવૉર્ડ
(૪) શ્રી દાઉદભાઈ ઘાંચી શિક્ષણવિષયક ઍવૉર્ડ

## ◈ કેન્દ્રો

(૧) શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્યકેન્દ્ર
(૨) શ્રી રસિકલાલ છો. પરીખ વિદ્યાકેન્દ્ર
(૩) વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર અને કલાવીથિકા

## ◈ સામયિક પ્રકાશન

(૧) 'વિશ્વવિહાર' વિશ્વકોશનું માસિક મુખપત્ર
(૨) શ્રાવ્ય સ્વરૂપે 'વિશ્વવિહાર'
(૩) 'ગુર્જરી ડાયજેસ્ટ' ત્રૈમાસિક

## ◈ પુસ્તક પ્રકાશન

દસ ગ્રંથશ્રેણીના ઉપક્રમે વિવિધ વિષયનાં ૧૦૮થી વધારે પુસ્તકોનું પ્રકાશન

## ◈ અન્ય સંસ્થાઓને સહયોગ

(૧) પ્રા. અનંતરાય રાવળ સ્મારક સમિતિ
(૨) શ્રી ચન્દ્રવદન મહેતા સ્મારક સમિતિ
(૩) શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ
(૪) ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલૉજી
(૫) કવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ
(૬) આસ્વાદ (કલા-સંસ્કૃતિના ભાવકોની સંસ્થા)

## ◈ 'વિશ્વા' ના ઉપક્રમે બહેનોની પ્રવૃત્તિ

## ◈ કાર્યશિબિર : રોબૉટિક્સ અને સર્જનાત્મક લેખનશિબિર

**અત્યારે ચાલતાં આયોજનો**

**નારીકોશ ◈ નાટ્યકોશ ◈ વિજ્ઞાનકોશ ◈ સંતકોશ**